# Gyan Amrit
# જ્ઞાનામૃત

Vol.11 - Issue 4
April 2018
Price 10/-

ભરુચ ઝાડેશ્વરમાં 'શિવધ્વજારોહણ'માં MLA ભ્રાતા દુષ્યંતભાઈ મોદી, વાગરાના સમાજસેવક ભ્રાતા મહંમ્મદભાઈ, બ્ર.કુ. પ્રભાબેન.

વડોદરા અલકાપુરીમાં 'શિવસમારોહ'માં MLA પ્રો. ડૉ. કુબેરભાઈને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન.

મહેસાણા પીસ પેલેસમાં 'મહાશિવરાત્રી કાર્યક્રમ'માં પૂર્વ મંત્રી તથા APMC ચેરમેન ખોડાભાઈ, બ્યુરો ચીફ સંદેશ ભ્રાતા ધીરુભાઈ, પૂર્વ પ્રમુખ BJP મહેસાણા ભ્રાતા કેશુભાઈ પટેલ, બ્ર.કુ. સરલાબેન.

પાટણમાં 'શિવરાત્રી મહોત્સવ'માં MLA ભ્રાતા કિરીટભાઈ પટેલ, સ્વામી શ્રી વિશ્વાનંદજી, ડૉ. શંકરભાઈ, વન વિભાગના અધિકારી ભ્રાતા રાદડીયા, બ્ર.કુ. ત્રિભુવનભાઈ, બ્ર.કુ. નિલમબેન.

વડોદરા મંગલવાડીમાં 'શિવજયંતી મહોત્સવ'માં પ્રતિજ્ઞા કરાવતાં બ્ર.કુ. રાજબેન, MLA સીમાબેન, ડૉ. અજયભાઈ, ડૉ. મલહારભાઈ, ડૉ. સુનીતાબેન, GM ONGC ભ્રાતા દિનેશ અગ્રવાલ.

દાહોદમાં 'શિવજયંતી' કાર્યક્રમમાં જીલ્લા કલેક્ટર ભ્રાતા રણજીથકુમાર જે., જીલ્લા પોલીસ અધિક્ષક પ્રેમવીરસિંહ, RTO તાહીરભાઈ, ડૉ. કપિલભાઈ, બ્ર.કુ. સુરેખાબેન, બ્ર.કુ. કપિલાબેન.

સુરેન્દ્રનગરમાં 'શિવજયંતી'ના કાર્યક્રમમાં ફુગ્ગા સાથે ઈશ્વરીય સંદેશ મોકલતા MLA ભ્રાતા ધનજીભાઈ પટેલ, ડેપ્યુટી કલેક્ટર ધાંગધ્રા ભગિની પ્રજ્ઞાબેન, બ્ર.કુ હર્ષાબેન, બ્ર.કુ. અરુણાબેન.

રાજકોટ રાજનગર સેવાકેન્દ્ર દ્વારા 'શિવપ્રદર્શની તથા સાંસ્કૃતિક કાર્યક્રમ'માં MLA ભ્રાતા ગોવિંદભાઈ પટેલનું પુષ્પગુચ્છથી સ્વાગત કરતાં બ્ર.કુ. રીટાબેન સાથે આમંત્રિત મહેમાનો.

વડોદરા ડેરી સેવાકેન્દ્રમાં 'શિવરાત્રી'ના કાર્યક્રમમાં Ex.VC વીર નર્મદ યુનિવર્સિટી આર.જી.કોઠારી, MS યુનિવર્સિટીના ડીન પ્રો. અરુણસિંહ, વકીલ ઘનશ્યામભાઈ, પી.વી.ખુબાલકર, બ્ર.કુ. મંજુબેન.

અમદાવાદ લોટસ હાઉસમાં 'શિવરાત્રી' કાર્યક્રમમાં દીપ પ્રજ્જવલન કરતાં SIMA ઈન્ડસ્ટ્રીઝના ડાયરેક્ટર ભ્રાતા બદ્રી મહાપાત્ર, ટીવી કલાકાર સીરાજ રંગવાલા, બ્ર.કુ. શારદાબેન, બ્ર.કુ. ભારતીબેન.

દીવમાં 'જ્યોતિલીંગ દર્શન' કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતાં મ્યુનિસિપલ કાઉન્સીલના ચીફ ઓફિસર વંદનાબેન, RTO ભ્રાતા સંદીપભાઈ, BJP પ્રમુખ બિપીનભાઈ, બેંક મેનેજર રાજુભાઈ, બ્ર.કુ. ગીતાબેન.

ધારીમાં '૫ લાખ ચોખાના દાણાના શિવલિંગ તથા જ્યોતિલીંગ'ના દર્શન કરતાં Ex. MLA ભ્રાતા મનસુખભાઈ ભુવા, કૉલેજના આચાર્ય મયૂરભાઈ, સરપંચ ભ્રાતા રમણીકભાઈ સોજીત્રા, બ્ર.કુ. રસીલાબેન.

વાસદમાં 'શિવજયંતી'માં કેક કટીંગ કરતાં MP ભ્રાતા દિલીપભાઈ, MLA ભ્રાતા અમિતભાઈ, જીલ્લાકોષાધ્યક્ષ ભ્રાતા મિતેશભાઈ, સત્યનારાયણ મીલના ઑનર જગદીશભાઈ, બ્ર.કુ. દીપાબેન.

ડીસા સેવાકેન્દ્ર ઉપર આયોજીત 'શિવજયંતી સમારોહ' કાર્યક્રમમાં શુભેચ્છા આપતાં MLA ભ્રાતા શશીકાંતભાઈ પંડ્યા બાજુમાં બ્ર.કુ. સુરેખાબેન.

કટોસણ ખાતે 'શિવરાત્રી' કાર્યક્રમમાં શુભેચ્છા આપતાં MLA ભ્રાતા લાખાભાઈ ભરવાડ, રામપુરા સ્ટેશન માસ્તર મીનાભાઈ, બ્ર.કુ. વિજયાબેન તથા બ્ર.કુ. દર્શિતાબેન.

અમદાવાદ સારંગપુરમાં 'શિવજયંતી' કાર્યક્રમમાં દીપ પ્રગટાવતાં બ્ર.કુ. મંજુલાબેન, પ્રમુખ ન્યુ કલોથ કાપડ માર્કેટ ભ્રાતા ગૌરાંગભાઈ, ઉપાધ્યક્ષ VHP ભ્રાતા સુકાભાઈ, મ્યુ. કોર્પોરેટર ભ્રાતા દિલીપભાઈ.

વ્યારામાં 'શિવરાત્રી મહોત્સવ'ની ઉજવણીમાં ફોરેસ્ટ ઓફિસર ભ્રાતા આનંદભાઈ, મ્યુનિસિપલ ચીફ ઓફિસર શૈલેષભાઈ, બ્ર.કુ. અરુણાબેન.

ગોંડલમાં 'દ્વાદશ જ્યોતિલીંગ' ઝાંખીની પૂજા કરતાં ડૉ. નિમીષભાઈ, સાથે MLA ભગિની ગીતાબેન જાડેજા, બ્ર.કુ. ભાનુબેન, બ્ર.કુ. શીતલબેન.

મુંબઈ મલાડમાં આયોજીત 'શિવદર્શન મેળા'માં પ્રાર્શ્વ ગાયક ભ્રાતા વિશાલ કોઠારીને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. કુંતીબેન.

જામપુર ગીતાપાઠશાળા ખાતે 'શિવરાત્રી' કાર્યક્રમમાં MLA ભ્રાતા રમણભાઈ, પૂર્વપ્રમુખ રોટરી ક્લબ જગદીશભાઈ, બ્ર.કુ. શીતલબેન.

ગાંધીનગર સેક્ટર ૨ સેવાકેન્દ્ર દ્વારા શિવરાત્રી નિમિત્તે આયોજીત શોભાયાત્રાને લીલી ઝંડી આપતાં મ્યુનિસિપલ કોર્પોરેટર ભ્રાતા નરેશભાઈ તથા રમીલાબેન, બ્ર.કુ. ભાવનાબેન અને બ્ર.કુ. તપસ્વીનીબેન.

બાંટવામાં 'સર્વધર્મ સંમેલન'માં ભક્તિરામબાપુ, બ્રહ્મશ્રી સ્વામી શિવ સ્વરુપાનંદ, મહંત શ્રી સમંદરગીરી બાપુ, ભૈરવગીરી મહારાજ, બ્ર.કુ. રામલોચનભાઈ, બ્ર.કુ. હરીશભાઈ તથા બ્ર.કુ. મધુબેન.

ઉંઝા ખાતે આયોજીત શિવપ્રદર્શનમાં પ્રમુખ નગરપાલિકા ભ્રાતા રાકેશભાઈને શિવપિતાનો સંદેશ આપતાં બ્ર.કુ. શિવાનીબેન.

પડધરીમાં શિવરાત્રી નિમિતે આયોજીત 'દ્વાદશ જ્યોતિલીંગ' ઝાંખીમાં આરતી ઉતારતાં મહંત હેમુભાઈ બાજુમાં બ્ર.કુ. કાજલબેન.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૧ એપ્રિલ-૨૦૧૮ અંક : ૦૪

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- આત્મશુદ્ધિ માટેની પરીક્ષા....................તંત્રી સ્થાનેથી ..06
- પ્રસન્નતાના પથ પર.......................બ્ર.કુ. શિવાનીબેન ..08
- કર્મ મારા સાથી ..............................બ્ર.કુ. ગીતાબેન ..12
- આધ્યાત્મિકતા એ સાંપ્રદાયિકતા ........બ્ર.કુ. નંદિનીબેન ..13
- ત્રિવેણી - સત્ય, સ્નેહ, ઈર્ષા-નિંદા ........બ્ર.કુ. કાન્તિભાઈ ..15
- ડમી અને ઉદ્યમી .................................બ્ર.કુ. અનિલ ..22
- માયાની કાતિલ બોલીંગ સામે છટાદાર ......બ્ર.કુ. કિશોર ..24
- રાજયોગ ....................................બ્ર.કુ. કુંવરસિંહ ..26
- સળીનાં સાંબેલા કેમ થયાં ?..............બ્ર.કુ. વિઠ્ઠલભાઈ ..27
- GGRCના આંગણેથી - કવિતા ...........બ્ર.કુ. અરૂણભાઈ ..29
- વિચારવિહાર ...............................બ્ર.કુ. નીતાબેન ..30
- મોતના મુખેથી પરત અનુભવ ...........બ્ર.કુ. દિનેશભાઈ ..32



**લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨૦૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૦.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧૦૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૦૦૦૦.૦૦ |



કૃતિઓ તથા સેવા સમાચાર
મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
જી-૨/૨૨, શિવમ એપાર્ટમેન્ટ,
નવા વાડજ, અમદાવાદ - ૩૮૦ ૦૧૩.
Phone : 079 - 27621551



**મુદ્રક : રાજયોગિની સરલાદીદી**
**પ્રકાશક : બ્રહ્માકુમારી ઉષાબેન**


**સ્થાનિક સેવાકેન્દ્ર**

**આવશ્યક નોંધ**

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)**

લવાજમ મોકલવાનું, સરનામું બદલાયાની જાણ કરવાનું તથા પૂછપરછનું સરનામું નીચે મુજબ છે.


**ગુજરાત ઝોન મુખ્યાલય :**
બ્રહ્માકુમારીઝ, સુખશાંતિભવન, ગામડીવાળા ડેરી સામે,
ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ-૩૮૦ ૦૨૨.
Phone: 079 - 25324160, 25324460, 25324660

**પ્રકાશન સ્થળ :**
રાજયોગભવન, ૧ ચતુર્ભુજ કોલોની,
ગોરધનવાડીનો ટેકરો, કાંકરિયા, અમદાવાદ-૨૮.
Phone: 079 - 25431676

**Email :** gyanamrit.guj@gmail.com

# તંત્રી સ્થાનેથી

# આત્મશુદ્ધિ માટેની પરીક્ષા

જીવનમાં જ્યારે માનવ કોઈ નિશ્ચિત ધ્યેય તરફ દૃઢ નિશ્ચયી બને છે. ત્યારે તેના નિશ્ચયની કસોટી લેવાતી હોય તેમ તેના પથમાં અનેક અડચણો, પરીક્ષાઓ આવે છે. ઈતિહાસ એ વાતની સાક્ષી આપે છે કે જીવનનું કોઈપણ ક્ષેત્ર પછી તે કલા, સાહિત્ય, સંગીત, નૃત્ય, સમાજસેવા, રાષ્ટ્રભક્તિ, અધ્યાત્મ યા વીરત્વ કોઈ પણ હોય પડકારો, પરીક્ષાઓ વિહોણું હોતું નથી. વાસ્તવમાં પરીક્ષાઓ, કસોટીઓ જીવન ઉત્થાન માટે ઘણી જરૂરી છે.

માનવ જ્યારે સમસ્યાઓમાં, વિપત્તિઓમાં ઘેરાઈ જાય છે. ત્યારે તેની મતિ અનુસાર તેમાંથી માર્ગ કાઢે છે. સમસ્યાઓનો મક્કમ મનોબળથી સામનો કરીને પોતાના જીવનધ્યેય પરથી ચલિત ન થનાર આત્મા અંતમાં વિજયને વરે છે. તે માટે તેનાં ધીરજ, સહનશીલતા, ખંત, સમર્પણ આદિ ગુણોની કસોટી થાય છે. જેમ તપાવવું, ટીપવું, કાપવું અને ઘસવું એમ ચાર પ્રકારે સોનાની પરીક્ષા થાય છે. તે રીતે નિશ્ચિત જીવન ધ્યેયવાળી વ્યક્તિના જીવનમાં તનની, મનની, ધનની અને જનની પરીક્ષાઓ વિકરાળ સ્વરૂપે આવતી હોય છે. જીવનમાં આવતી આપદાઓને જો રચનાત્મક દૃષ્ટિકોણથી વિચારીએ તો તે કલ્યાણકારી સાબિત થાય છે. આ સૃષ્ટિચક્ર કલ્યાણકારી છે. પણ તેના રહસ્યો સમજવા માટે આત્મવિશ્વાસ અને ઈશ્વર શ્રદ્ધાની જરૂર પડે છે.

જ્યારે માનવની પ્રગતિનો, સમૃદ્ધિનો, સત્તાનો મધ્યાન્હ તપતો હોય છે. ત્યારે અવનવા સંબંધોની સૃષ્ટિ એની આસપાસ વીંટળાઈ વળે છે. ઊગતા સૂર્યને પૂજવાની ભાવના પરંપરાગત છે. અને જેઓ ભિન્ન ભિન્ન પ્રકારે લાભો મેળવવાની તજવીજમાં હોય છે તેઓ આવી તકને જવા દેતા નથી. માનવના જીવનમાં જ્યારે વિભિન્ન સમસ્યાઓ ખડી થાય છે ત્યારે માનવ સંબંધો કસોટીની એરણ ઉપર ચડે છે. જેઓ પ્રેમના મધુર શબ્દો ઉચ્ચારતા હોય, પ્રશંસાના પુષ્પો વરસાવતાં હોય, ગમે ત્યારે સહયોગી બનવાની તત્પરતા દાખવતાં હોય તેઓ વિપરીત સંજોગોમાં કોઈને કોઈ બહાને એવી રીતે સરકી જતા હોય છે કે જેની ખબર જ ન પડે. પણ આ બધી ઘટનાઓને સ્વાભાવિક સમજીને માણસ પોતાના રાહમાં આગળ ધપે, તો સિદ્ધિ એક દિવસ તેના ચરણોમાં આળોટતી હોય છે.

**માનવના જીવનનો કપરો કાળ તેની બુદ્ધિને ઉપરામ બનાવે છે. માનવ સંબંધોમાંથી, સાંસારિક પદાર્થોમાંથી, દુન્યવી વાતોમાંથી તેનું મમત્વ દૂર થતાં માનવની બહિર્મુખતા દૂર થાય છે અને અંતર્મુખી યાત્રાનો આરંભ થાય છે. આવા સમયે માનવ આત્માના અતલ ઊંડાણમાં જઈ જીવનનાં કેટલાંયે ગૂઢ રહસ્યો, સત્યો રૂપી મોતી મેળવે છે. ત્યારે સર્વે સંબંધોના સાર એવા કલ્યાણકારી, દુઃખહર્તા, સુખકર્તા પરમતત્વ પ્રત્યે અભિમુખ થાય છે.** જે સૌની નજરોમાં ક્ષુલ્લક ગણાય છે. તે પરમતત્વ પાસેથી વિશેષ પ્રાપ્તિનો અધિકારી બને છે. તેનામાં દેહભાન જનીત સુખોને બદલે આત્મિક સુખોનો સૂરજ ઉગે છે. અતીન્દ્રિય ખુશીના નશામાં તે દિવ્યાનંદની અનુભૂતિ કરે છે. આવી પ્રસન્નતા કોઈપણ દુન્યવી પદાર્થોમાંથી મળતી નથી. દુનિયાના સંતો, મહંતો, દેશભક્તો, ચિંતકો, સાહિત્યકારો અને

ધર્મોપદેશકોએ જીવનને કસોટીને એરણ ઉપર ચડાવીને ઘણું બધું મેળવ્યું છે અને સમાજને તેનું પ્રદાન કર્યું છે. આ પ્રદાન ઘણું મૂલ્યવાન બની જાય છે.

આપત્તિ સર્વને માટે સુખદાયી નીવડતી નથી. ધીરજ વિહોણા માનવો, સહનશીલતા અને ધ્યેયનિષ્ઠા વગર ક્યારેક અનુચિત રાહ પર ચાલ્યા જાય છે. **ગરીબી, આપત્તિ કે સંકટકાળ સંતનું સર્જન કરી શકે. તો શેતાનનું પણ સર્જન કરી શકે છે.** નરસિંહ, મીરાં આદિ એ તેમાંથી જીવનનું ઉત્તમ ભાથું મેળવ્યું. તો ગરીબી, અભાવ, ગુનાખોરીની દુનિયા તરફ પણ લઈ જાય છે.

હીરો ખાણમાંથી નીકળે છે ત્યારે સામાન્ય રૂપે હોય છે. પણ જ્યારે તેના ઉપર પાસા પડે છે તેને ચમક આપવાની પ્રક્રિયા થાય છે. ત્યારે તેનું આકર્ષણ વધી જાય છે. જ્યારે પરિસ્થિતિ કે સંજોગોનું નિર્માણ થાય છે, ત્યારે માનવની વિશેષતાઓની અને મર્યાદાઓની, ગુણો કે અવગુણોની પ્રત્યક્ષતા થાય છે. બાહ્યાડંબરી, આભાસી જીવન અને વાસ્તવિક જીવન સ્પષ્ટ દેખાય આવે છે.

સમાજ હંમેશા કસોટી કરતો આવ્યો છે. ઈશુ ખ્રિસ્તને ખીલા ઠોકી વધસ્તંભ ઉપર ચડાવ્યા. સોક્રેટીસને હળાહળ ઝેર આપવામાં આવ્યું. અબ્રાહમ લિંકન, ગાંધીજી આદિને ગોળીથી વિંધવામાં આવ્યા. **આવા કેટલાયે અત્યાચારો જુલ્મોથી સત્ય, સદાચાર નીતિમત્તાના ગળાં રહેંસવાના પ્રયત્નો થયા છે. આમ છતાં શાશ્વત મૂલ્યોને, સનાતન સત્યોને, દિવ્યતાને આ ધરતી ઉપરથી વિદાય મળી નથી.** જેમ જેમ અત્યાચારો થતા જાય છે તેમ તેમ સત્ય વધારે સુંદર રૂપે પ્રગટતું હોય છે.

આત્મશુદ્ધિનો રાહ પરીક્ષાઓથી સભર છે. જ્યારે કોઈ પરિપૂર્ણ પ્રતિમાનું સર્જન કરવાનું હોય છે ત્યારે તેમાં નાનો સરખો દોષ પણ ચલાવી લેવામાં આવતો નથી. માનવનું દેવત્વમાં રૂપાંતર થવું એ પણ આવી જ ઘટના છે. સોળે કળાએ સંપૂર્ણ, સર્વગુણ સંપન્ન, સંપૂર્ણ નિર્વિકારી મર્યાદા પુરુષોત્તમના લક્ષને ચરિતાર્થ કરવા માટે વિકારો-કષાયોના સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રભાવથી મુક્ત થવાનું છે. **જ્યારે સત્ય કસોટીની એરણ ઉપર ચડે છે ત્યારે તેની શુદ્ધની, ગુણવત્તાની કસોટી થાય છે. ત્યારે વિશેષતા, સંપૂર્ણતા ગાયન, પૂજન યોગ્ય બને છે. જ્યારે મર્યાદા, ઉણપ ઉપહાસપાત્ર બને છે.** તો ચાલો, આપણે આત્મશુદ્ધિની પરીક્ષામાંથી સાંગોપાંગ પાર ઉતરવા માટે કૃતનિશ્ચયી બનીએ.

જ્યારે આત્મા કસોટીકાળમાં હોય છે ત્યારે ભિન્ન ભિન્ન પ્રકારનાં પ્રલોભનો આપી તેને ખરીદવાનો, ધ્યેયપથથી વિચલિત કરવાનો પણ પ્રયત્ન થાય છે. તેની લાગણીઓ, ભાવનાઓ સાથે પણ ખેલ ખેલાય છે. રાણા પ્રતાપે મેવાડના ગૌરવ માટે અરણ્યવાસ સ્વીકાર્યો. તેમનો ત્યાગ પણ કસોટીએ ચડ્યો પણ ભામાશાએ તેમના આદર્શને અનુરૂપ યોગ્ય સમયે ઉલ્લેખનીય આર્થિક સહયોગ દ્વારા બળ પૂરું પાડ્યું. આવા સમયે નૈતિક બળ પૂરું પાડનાર, જે તે વ્યક્તિના આદર્શોનું ગૌરવ જળવાય તે રીતે સહયોગી બનનાર આત્માઓ ઘણા જ થોડા હોય છે. ક્યારેક માનવ હતાશ થઈને પોતાના ધ્યેયને, આદર્શોને તિલાંજલિ આપવા તૈયાર થાય છે. પણ **આ સર્વ આપદાઓમાં જો તેનું પરમાત્મા સાથે અનુસંધાન હોય, ચિંતન મનનમંથન ચાલતું હોય અને યોગ્ય વ્યક્તિઓનું માર્ગદર્શન મળે, તો માનવ સર્વ પરીક્ષાઓમાંથી પણ પાર ઉતરી જીવનમાં એક નવા જ અધ્યાયનું નિર્માણ કરે છે.**

॥ ઓમશાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

### પ્રસન્નતાના પથ પર

# યોગ (મેડીટેશન) દ્વારા સમસ્યાઓથી મુક્તિ

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા

જ્યારે કંઈક તૂટે છે તો એનો અવાજ આવે છે, એવું કહેવાય છે આ દિવસો આપણી ઘણીબધી માન્યતાઓ, તે ધારણાઓ જેના પર આપણું આખું જીવન આધારીત હતું. તે એક ઉપર એક તૂટતી જતી હતી અને એ પણ વગર અવાજે. પરંતુ હવે મેં જોયું કે કેવી રીતે એ આપણને જ આપણા ભૂતકાળમાં બાંધતા જતા હતા અને આપણે ક્યાંયને ક્યાંય એમાં ફસાતા જતા હતા. જૂની અવધારણા તૂટતા જ નવી અવધારણા નિર્મિત થાય છે અને એક જે આપણી બુદ્ધિ છે સ્પષ્ટ થાય છે પછી એ તનાવ લાઈન બનતી જાય છે. તે સમસ્યા ફરીથી આવે છે એ અવધારણા પછી ક્રોધથી જોડાયેલી હતી કે પછી જીદથી જોડાયેલી હતી કે પછી અતીતને પકડી રાખવાથી જોડાયેલી હોય કે ભવિષ્યના વિષે વિચારવામાં જોડાયેલી હોય. ક્યાંકને ક્યાંક તે એટલી મજબૂત વિશેષ ઘેરાયેલી છે જ્યારે આપણે જીવનને એક નવા અંદાજમાં જોયું. સાચું તો લાગ્યું પણ આપણે અત્યારે પણ ક્યાંકને ક્યાંક સમસ્યામાં ફસાયેલા છીએ. કઈ એ તાકાત છે જે મને એ બાજુ ચાલવાનું શીખવાડે છે એ શક્તિ આપણને મળી શકે છે. આજે આપણે એ વાત કરીએ. અમારી સાથે છે બ્રહ્માકુમારી શિવાની બહેન. ઓમશાંતિ.

**પ્રશ્ન -** બ્રહ્માકુમારી શિવાની, અત્યારે તો ઘણું બધું સમજ્યા જે અવધારણા આપણા જીવનનો આધાર છે, એના વગર તો જીવન ચાલી ન શકે આપણને એના વિશે જાણકારી જ નહોતી. થોડી અમારી પાસે અવધારણા છે. જેના ઉપર આપણે જીવી રહ્યા છીએ. પણ હવે જોયું કે કોઈ થોડી પણ પરેશાની થાય છે તો આપણે જોઈએ છીએ ત્યારે આપણને સમજમાં આવે છે કે આપણે આ માનતા આવી રહ્યા છીએ. આ મારી માન્યતા હતી. એને બદલવાની કોશિશ કરીએ છીએ. સમજમાં આવે છે. કઈ નવી અવધારણા બનશે પણ ફરી એ બીજી પરિસ્થિતિ આવે છે. તો એ એટલા જોરથી પાછળ કરે છે કે તે થોડી પરેશાની તો રહે છે. હાં પણ જરૂર છે કે પરેશાની આવતા જ આપણે થોભી જઈએ છીએ. અને જોવાનું શરૂ કરી દઈએ છીએ. હવે આપણે એ આધાર પર વધારે આગળ કઈ રીતે વધી શકીએ ?

**ઉત્તર -** એક છે કે હવે સમજણમાં આવી ગયું છે કે આને કેવી રીતના કરવાનું છે, એક છે કે એની વિધિ ખબર પડી ગઈ કે જે સંકલ્પ થઈ રહ્યો છે. મારે સંકલ્પના સ્તર પર જ એને બદલવાનું છે. અનુભવ સુધી પણ લઈને જવાનું નહીં, નહીં તો અનુભૂતિ ઓછી થઈ જાય છે, ધ્યાનથી જ્યારે સંકલ્પને જોવાનું શરૂ કર્યું તો ખબર પડી ગઈ કે આપણી અનુભૂતિ ખત્મ થઈ ગઈ છે. હવે જો આ પ્રયત્નને સળંગ ચાલુ રાખીશું તો તમે થોડા દિવસોમાં એ અનુભવ કરવા લાગશો કે તમને તમારા સંકલ્પ આ રીતના ખબર પડે છે જેમકે દૂધમાં માખી. જો તમને કોઈનાથી ઈર્ષા હશે તો તે

તમને દેખાવા લાગશે. જો તમને કોઈનાથી ડર હશે તો તે તમને દેખાવા લાગશે, જ્યાં તે પોતાની અંદર દેખાવા લાગે તો પછી કામ કરવું કેટલું સરળ થઈ જાય છે, આ તમારા વ્યવહારમાં આવતાની પહેલાં જ ખબર પડી જાય છે, એક છે જાગૃતિ બીજું છે કે આપણને સમજમાં આવી ગયું છે, આપણે કરવાનું શું છે, પણ ઘણીવાર આપણે કહીએ છીએ કે જ્યારે તેને વ્યવહારમાં કરવા જઈએ તો નથી થતું.

કેટલાક ભાઈ બહેનો કહે છે કે સમજમાં આવી ગયું કે ગુસ્સો નથી કરવાનો. તનાવ નથી લેવાનો. ખુશ રહેવાનું છે, પણ એ વાતો એટલી મોટી આવી ગઈ કે મારે ગુસ્સો કરવો પડ્યો, આપણો ઉમંગ હજી એ સ્તર સુધી નથી પહોંચ્યો, પણ તમે એને છોડી ન દેતા. આપણે અત્યારે યાત્રા ઉપર છીએ. મારા પરિવર્તનની પ્રક્રિયા ઠીક છે, ગતિ ઠીક છે, થોડું ધીમું થઈ શકે, કે થોડું ઝડપી થઈ શકે છે. પણ જો રસ્તો ઠીક છે, એને આપણે સળંગ ચાલુ રાખવાનો છે. હવે આપણે ફક્ત શું કરવાનું છે, પોતાની અંદર થોડી થોડી શક્તિ ભરવાની છે. હવે આપણે પોતાનું વિશ્લેષણ કરવાનું છે, કેમ કે કંઈ પણ કરવા માટે શક્તિ જોઈએ. માની લો મને સમજમાં આવી ગયું કે શરીરને સ્વસ્થ રાખવાનું છે, પણ પછી એના માટે કસરત પણ કરવી પડશે, ફક્ત મારા વિચારવાથી જ શરીર સ્વસ્થ થઈ જાય તો એવું થવાનું નથી. એના માટે આપણે શરીરને નિયમિત વ્યાયામ અને સંતુલિત ભોજન દેવું પડશે.

આમાં મેડીટેશન બહુ જ મોટી ભૂમિકા નિભાવે છે. અને તમને ખબર છે કે મેડીટેશન આજે સાધારણ વસ્તું થઈ ગઈ છે. કેમ કે જેમ જેમ આપણે બધા અનુભવ કરી રહ્યા છીએ કે જીવનમાં આપણે જે જોઈએ તે પ્રાપ્ત નથી થતું તો સ્વતઃ તમામ લોકોનું ધ્યાન મેડીટેશનની તરફ જાય છે. મોટાભાગના આજે જે ભાઈ-બહેનો મળે છે. તો તે કોઈને કોઈ પ્રકારથી આનો પ્રયત્ન કરી રહ્યા છે. અને બહુ જ બધા છે જે ઘરે પોત પોતાની રીતે અભ્યાસ કરે છે. રાજયોગ મેડીટેશન પણ એક પ્રકારનો વ્યાયામ છે. જો એને સાચી રીતે ન કર્યો તો એનાથી સારું પરિણામ પ્રાપ્ત નહીં થાય. જો આને આપણે પોતાની રીતે કરીશું તો એ જરૂરી નથી કે તે રીત સાચી છે. ઉલ્ટું એનાથી વધારે નિરાશ થાય છે. કોઈ પરિણામ પણ નથી મળતું. મેડીટેશનમાં પણ ઘણી અવધારણા બની છે.

**પ્રશ્ન -** હા, આ સત્ય છે, મેડીટેશનમાં એ પ્રયત્ન કરે છે કે મનમાં કોઈ સંકલ્પ ન હોવો જોઈએ. હું એના ઉપર વાત કરવા માંગું છું કે સંકલ્પ રહિત થઈ જવું જોઈએ કે એ પરિસ્થિતિ પર પહોંચી જવું જોઈએ કે તમારું મન કંઈ પણ નિર્મિત ન કરે ?

**ઉત્તર -** આ બધાને લાગે છે કે આ બહુ જ સરળ છે, આમાં કંઈ શીખવાનું નથી. આપણે ઘરે બેસી રોજ પ્રયત્ન કરીશું, રોજ અભ્યાસ કરીશું તો અંતમાં આપણું મન વિચારવાનું બંધ કરી જ દેશે. દરરોજ આપણે પોતાના માટે સમય કાઢી અને અભ્યાસ કરવાની કોશિશ કરીશું કે મન વિચારવાનું બંધ કરી દે આ દરેકનો અનુભવ છે. પણ હું મારા અનુભવને એકબીજા સાથે કહેવા માંગુ છું કે જો આપણે વિચારવાનું બંધ કરી દઈએ તો પહેલી વાત કે તે સંભવ છે, કે નહીં, તે પણ એક પ્રશ્ન છે. કેમ કે મનનું કામ છે વિચારવાનું. જેમ કે પાણી વહે છે. જે કુદરતી છે આપણે એનું વહેવાનું બંધ કરવાની કોશિશ કરીશું તો ઘણા લોકોએ અનુભવ કર્યો કે આનાથી મન ભારે થવા લાગે છે કેમ કે જબરદસ્તી આપણે કોઈ વસ્તુને રોકવાની કોશિશ કરીએ છીએ હવે માની લો કે આપણે આ સંકલ્પ કરીએ છીએ કે આ આપણા મનમાં કોઈ સંકલ્પ ન આવવા જોઈએ તો આ પણ એક સંકલ્પ જ છે. આપણે

પોતાને પૂછવાનું છે, કે આપણે સંકલ્પ રહિત કેમ થવા માંગીએ છીએ. આપણે એના માટે પ્રયત્ન કેમ કરીએ છીએ. એટલે ના તો આપણે વિચારવાનું બંધ કરી દઈશું. તો આપણા જે નકારાત્મક અને વ્યર્થ વિચાર છે તે આવવાના બંધ થઈ જશે. હાં આવું કરવાથી કોઈ નકારાત્મક અને વ્યર્થ સંકલ્પ તો નહીં આવે કેમ કે આપણે વિચારવાનું જ બંધ કરી દીધું. પણ મે એના પર કોઈ બીજું કામ નથી કર્યું. ફક્ત તમે એને બંધ કરી દીધું છે. માની લો અહીયા કંઈક છે. આપણે એને દબાવીને રાખી દીધું ૧૦ મીનીટ, ૧૫ મીનીટ, ૧ કલાક પણ દબાવીને એને પ્રાપ્ત કરી લીધું એને બંધ કરી દીધો ડબ્બાને. હવે એના પછી કામ પર ગયા. હવે તો વિચારવાનું છે ને.

**પ્રશ્ન -** ડબ્બો જો ખુલી ગયો તો વધારે જોરથી અવાજ કરશે.

**ઉત્તર -** અવાજ વધારે જોરથી નહીં થાય પરંતુ હશે તો જે એના પહેલાં હતો એટલી જ અવસ્થા પર પાછો આવશે. કેમ કે એના પર આપણે કોઈ કામ નથી કર્યું. અને થોડીવાર માટે બંધ કરી દીધો હતો. એ અંદરની વાતચીત છે, વિચારવું અમારી અંદરની વાતચીતની પ્રક્રિયા છે. આપણે એને કહ્યું ચૂપ થઈ જાવ અને તે ચૂપ થઈ ગયો. પણ પછી જ્યારે તે બોલશે, તો એ જ વાતો બોલશે, જે એ પહેલા બોલી રહ્યો હતો. આનાથી મારી અંદર તો કોઈ પરિવર્તન ન આવ્યું ફક્ત મને થોડીવાર માટે સારું લાગ્યું. કારણ કે મનમાં જે આજુબાજુની વાતો આવી હતી તે બંધ થઈ ગઈ. તો નિશ્ચિતપણે તેઓ આપણને શક્તિશાળી બનાવે છે. કારણ કે આપણી ઉર્જાનું પ્રાપ્તિપણું સ્વીકારવાનું જે વલણ હતું તે થોડા સમય માટે બંધ થઈ જશે.

ઘણા બધા મેડીટેશનમાં આપણે પોતાના શ્વાસ પર પણ વધારે ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ, એનાથી ઘણો જ ફાયદો પણ થાય છે. જેટલા સમય માટે આપણે પોતાનાં શ્વાસની ગતિ પર ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ ત્યારે આપણું સંપૂર્ણ ધ્યાન શેના પર આવી ગયું. 'શ્વાસને અંદર લેવા તથા બહાર કાઢવા પર' તો તેટલા સમય માટે કોઈ નકારાત્મક અને વ્યર્થ સંકલ્પ નહીં આવે પરંતુ આપણે શું કર્યું ? એક જગ્યાએથી ધ્યાન હટાવી બીજી જગ્યાએ ધ્યાન લગાવ્યું. પરંતુ તે સંકલ્પો તો નથી ગયા ? જ્યારે તમે ધ્યાન કરવાનું બંધ કરશો તો તેના પછી ધ્યાન ક્યાં જશે ? ધ્યાન પછી એજ વાતો પર જશે જ્યાંથી ધ્યાન હટાવીને લાવ્યા હતા. તો પછી વિચારોની સંકલ્પોની ક્વોલીટી જેવી હશે તેવી જ બની જશે.

જ્યારે આ પ્રકારનું ધ્યાન કરીએ છીએ તો એ આપણને ફાયદા બહુ જ કરે છે કારણ કે આપણી શક્તિઓનો, ઉર્જાનો નાશ નથી થતો. તે એટલા સમય સુધી ફાયદો કરે છે અને પછી તેનો પ્રભાવ આગળ આખા દિવસ પર પડે છે પરંતુ જ્યારે કોઈ અચાનક પરિસ્થિતિ આવી જાય છે. તો મારું મન એવાજ વિચારો સંકલ્પોના પ્રકાર પર એને એ જ ગુણવત્તાનું નિર્માણ કરે છે કારણ કે સંકલ્પો તો એવા જ પ્રકારના હોય ફરીથી આપણે ગુસ્સો ક્રોધ કરવાનું શરૂ કરી દઈએ છીએ. પછી બીજા દિવસની સવારે આપણે ધ્યાન માટે યોગ માટે બેસીએ છીએ તો આપણે આપણી પોતાની જાતને દબાવમાંથી મુક્ત કરીએ છીએ. પછી જે દબાણ ખૂબ જ વધારે જમા થઈ જાય છે. ત્યારે ઘણા લોકો એટલા માટે કહે છે ? કે હા હું બહુ જ દબાણમાં છું. ટેન્શનમાં છું પરંતુ જ્યારે હું મેડીટેશન કરું છું ત્યારે એ દબાણ કે ટેન્શન સમાપ્ત કરી શકું છું.

મુશ્કેલીઓનું નિર્માણ થાય, મુશ્કેલીઓ ઉભી થાય ત્યારે તમે ધ્યાનમાં બેસો, અને એ

મુશ્કેલીઓ, પરિસ્થિતિઓને ઠીક કરો. જેવી રીતે ટ્રાફીક જામ થઈ જાય પછી તમે મહેનત કરો ટ્રાફીક જામ હટાવી દઈએ. અને લોકો તેનાથી સારા થઈ જશે. આ યોગ્ય કારણ કે ટેન્શન ચિંતાઓ ભય એ કુદરતી જ છે હવે આપણે એના માટે એક વિધિ શોધી કાઢી જેનાથી આપણે અવરોધને ઠીક કરી શકીએ. અને એના માટે આપણે ધ્યાનમાં યોગમાં મંત્ર જપવાનું અપનાવી લીધું. 'મંત્રજાપ' જપવાનું ચાલુ કરી દીધું જેમાં આપણે જલ્દી જલ્દીથી બોલીએ છીએ. આ ઘણી જ શક્તિશાળી ટેકનીક પણ છે એ મુક્તિ છે જેટલા સમય માટે એ શુદ્ધ શબ્દનું ઉચ્ચારણ કર્યું. એટલા સમય માટે કોઈ નકારાત્મક અને વ્યર્થ સંકલ્પ નથી આવતો એનાથી બહુ જ સારું લાગે છે પરંતુ ઘણા લોકોની સાથે એવું બને છે કે શરૂ શરૂમાં તો સારું લાગે છે પરંતુ જ્યારે જ્યારે લાંબા સમય સુધી કરીએ છીએ ત્યારે મનને તો કંઈ નવું તો મળતું જ નથી. રચનાત્મકતા જેવું નવું કંઈ પણ નવું છે જ નહીં. ત્યારે શું થાય છે કે થોડા દિવસો પછી એને ટેવ પડી ગઈ છે કે એને એવાજ શબ્દોનું ઉચ્ચારણ કર્યા કરવાનું છે. ઘણી વાર જો આપણે ધ્યાન નહીં રાખીએ તો મન વધારે કોઈ વાતથી પરેશાન થશે. પરિસ્થિતિઓમાં અટવાઈ જાય છે. ત્યારે આપણે અનુભવ કરીએ છીએ કે આપણે મનમાં મંત્રનું ઉચ્ચારણ તો કરીએ છીએ પરંતુ મન તો ક્યાંક બીજે જ ચાલ્યું ગયું હોય છે.

**પ્રશ્ન -** અને જ્યારે એટલી બધી વધારે ખરાબ પરિસ્થિતિ આવી જાય છે ત્યારે તો બિલકુલ કેટલાય પ્રયત્નો કરીએ આપણે કોશિશ કરીએ આપણું મન કામ જ નહીં કરે.

**ઉત્તર -** મંત્રનું ઉચ્ચારણ કરતાં કરતાં, આ ઉચ્ચારણ મશીનની જેમ થઈ જાય છે. આપણે મુખથી બોલતા જઈએ છીએ ત્યારે મન ક્યાંય બીજી બાબતોમાં જ ચાલ્યું જાય છે. તેવા સમયે એને ધ્યાન અથવા યોગની જે વિધિ છે તે બહુ જ લાભદાયક છે. પરંતુ તે આપણે સતત વારંવાર પ્રેક્ટીસ કરવી પડશે. ત્યારે જ આપણે પોતાની જાતને સંતુષ્ટ કરી શકીશું.

હવે રાજયોગ મેડીટેશનમાં આપણે મનનાં સંકલ્પોના પ્રકારના ઉપર કામ કરીએ છીએ. એમ પણ આજે દુનિયામાં ઘણી બધી સારી ટેકનોલોજી છે કે સકારાત્મક વિચાર કેવી રીતે કરવા. જે આપણે વિચારોના સ્તર પર એને બદલી દઈએ છીએ. તો થોડા દિવસ પછી આપણે મેળવીએ છીએ કે સંકલ્પ ફરીથી આવી જાય છે કેમકે સંકલ્પોના આધાર પર કામ ન કર્યું. વિચારોનો આધાર શું છે? તે છે અમારી માન્યતા કે કડક સંસ્કાર. જેને આપણે કહીશું કે આ અમારા વ્યક્તિત્વને નીચા કરી દે છે જ્યાં સુધી સંસ્કાર ઉપર કામ નથી કર્યું તે આધારના સ્તરને નથી બદલ્યું ત્યાં સુધી જે પણ પરિવર્તન થાય છે તે થોડીવાર માટે જ હોય છે, કેમ કે મૂળમાં તો અત્યારે પણ એ સંસ્કાર છે.

રાજયોગ મેડીટેશનમાં આપણે મંત્ર જાપ પણ નથી કરતા. આપણું મન ખાલી પણ નથી હોતું અને એમાં કોઈ શારીરિક ક્રિયા પણ નથી હોતી. આનાથી આપણે ફક્ત સકારાત્મક સંકલ્પ કરીએ છીએ. સંકલ્પોને બંધ નથી કરતા પણ શ્રૃંખલાબદ્ધ કરીએ છીએ. અને નવા નવા સંકલ્પ નિર્મિત કરીએ છીએ, કેમ કે મનમાં એક સમયમાં એક જ સંકલ્પ હોઈ શકે. જો આપણે તે ભિન્ન ભિન્ન પ્રકારના ગુણવાળા સંકલ્પ કર્યા તો હકીકતમાં જે પહેલાથી નિર્મિત થઈ રહ્યા છે તે તો જાતે જ બંધ થઈ ગયા. જે આપણો પ્રયત્ન હતો નકારાત્મક અને વ્યર્થ સંકલ્પોને ખત્મ કરવાનો તે તો એમ જ

**(અનુસંધાન પેજ નં. 23 પર)**

# કર્મ મારા સાથી

બી.કે. ગીતાબેન, શાંતિવન, આબુરોડ

વિશાળ સૃષ્ટિ રંગમંચ પર શરીર ધારણ કર્યા બાદ પ્રત્યેક ચૈતન્યશક્તિ (આત્મા) એક ક્ષણ પણ કર્મ કર્યા સિવાય, પ્રવૃત્ત થયા સિવાય રહી શકતો નથી. ચૈતન્ય અર્થાત્ જ પ્રવૃતિશીલ અને એ રીતે કર્મ એ જ આત્માના હર ક્ષણના સાથી છે. વૈભવ-પદાર્થ તો નાશવંત છે, જડ છે. જે આત્મા શરીર છોડી જાય ત્યારે એક ડગલું પણ આત્માની સાથે આગળ જતાં નથી. દેહના મિત્રસંબંધીઓ સ્મશાન સુધી મૃતદેહને વળાવવા આવે છે. આત્માની જે આગળ ગતિ થાય છે તેમાં તેઓ કોઈ સાથે આવતાં નથી. ત્યાં તો જીવનભર કરેલાં કર્મ જ આત્માના સાથી બને છે. કર્મોનો હિસાબ સંસ્કાર સ્વરૂપે આત્માની સાથે આવે છે, એ કર્મની ગતિને આપણે સમજવી જોઈએ.

કર્મ આપણા સાથી ક્યારે બને ? જ્યારે કર્મ સૃષ્ટિના સનાતન નિયમ પ્રમાણે સત્ય સ્વરૂપે થાય. આપણા કર્મ જ જો આપણા સાથી ન હોય તો અન્ય કોઈનો પણ સાથ સફળ નથી થતો. ચાહે આખી દુનિયા આપણી મદદમાં આવી જાય પરંતુ આપણા કર્મ જો સાચા નહીં હોય તો એ મદદ આપણને તારી નહીં શકે. માટે બીજાના સાથને શોધવા કરતાં, અન્યને સગા કે વહાલા કરવા કરતાં આપણે આપણા કર્મને આપણા બનાવીએ. આજના આ જૂઠા યુગમાં કદાચ કોઈ જૂઠથી અલ્પ સમય માટે માનવરચિત ન્યાયાલયમાંથી છૂટી જાય, પરંતુ આ જન્મ કે આવતા જન્મમાં કરેલાં કર્મના ફળ એને ભોગવવા જ પડે છે. કર્મ સારું હોય કે નરસું હોય, કર્મ જાહેરમાં થયું હોય કે ગુફામાં છૂપાયને કર્યું હોય, કરેલાં કર્મનો હિસાબ આત્મામાં રેકોર્ડ થાય જ છે. અને એ હિસાબ દરેક આત્માને ચૂકવવો જ પડે છે.

જ્યારે કર્મ સત્યની તરફેણમાં થાય છે, ત્યારે પ્રતિકૂળ પરિસ્થિતિઓ પણ અનુકૂળ થવા માંડે છે. જ્યારે કર્મ આપણી તરફેણમાં નથી થતાં ત્યારે વ્યક્તિ પરિસ્થિતિ બધું જ વિરુદ્ધ જવા માંડે છે અને આપણે બાજી હારવા માંડીએ છીએ. એવા સમયે આધ્યાત્મિક જ્ઞાનને આધારે આપણે કર્મોનું નિરીક્ષણ કરી ક્ષતિનું નિવારણ કરી નાંખવું જોઈએ. પ્રભુપિતાની યાદસ્મૃતિ સાથે શક્તિશાળી સ્વસ્થિતિમાં સ્થિત રહેવું જોઈએ. તો જીવનની ડહોળાઈ ગયેલી પરિસ્થિતિ થાળે પડી જાય છે. આમ સત્ય કર્મની અને શ્રેષ્ઠ આત્મસ્થિતિની શક્તિ એક એવી જબરદસ્ત શક્તિ છે જે સમસ્ત વિશ્વને વ્યવસ્થિત કરી શકે છે.

વિશ્વનું વિજ્ઞાન પણ એ જ બતાવે છે કે સમગ્ર વિશ્વ એ વ્યક્તિના મનની રચના છે. વ્યક્તિ વિકૃત થાય ત્યારે ક્રમશઃ પ્રકૃતિ, પશુપંખી બધું જ વિકૃત થવા માંડે છે. અને સમસ્ત વિશ્વ વિકૃત બની જાય છે. ફરીથી જ્યારે વિશ્વચક્રના ધુરા સમાન માનવાત્મા વ્યવસ્થિત બને છે એટલે વિશ્વ પણ વ્યવસ્થિત થવા માંડે છે. માટે સ્વામી વિવેકાનંદે પણ કહ્યું છે કે વ્યક્તિની આંતરચેતનાને જાગૃત કરો, દિવ્ય બનાવો તો બાહ્ય વિશ્વ એની મેળે વ્યવસ્થિત થઈ જશે. માનવાત્માનું વ્યવસ્થિત થવું અર્થાત્ અસલી સત્સ્વરૂપમાં સ્થિત થવું.

આત્મા સત્યસ્વરૂપમાં સ્થિત થઈ જે કર્મ કરે છે એને સત્કર્મ કહેવાય છે. આત્માનું સત્ય સ્વરૂપ એ શુદ્ધ સ્વરૂપ છે જે શુદ્ધતામાં શાંતિ, આનંદ, પ્રેમ, સુખ, શક્તિ, નિહિત છે. શુદ્ધ આત્મા

**(અનુસંધાન પેજ નં. 23 પર)**

## દિવ્યદર્શન

# વિજ્ઞાન અને આધ્યાત્મિકતા

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

### વિજ્ઞાનનો અર્થ

વિજ્ઞાન = વિ + જ્ઞાન. વિજ્ઞાન એ પદ્ધતિસરનું વિશિષ્ટ જ્ઞાન છે. વિજ્ઞાન પ્રકૃતિનાં તત્ત્વો તથા તેની શક્તિઓની પાછળ છૂપાયેલા નિયમોના અભ્યાસનું નામ છે. પ્રકૃતિના જગતમાં જે ક્રિયા તથા પ્રતિક્રિયાઓ થાય છે. તેનો વિધિપૂર્વક અભ્યાસ, પરીક્ષણ તથા પ્રયોગ કરવો એ જ વિજ્ઞાનનો અર્થ છે. વિજ્ઞાને તેનાં વિવિધ કારણો તથા પરિણામોનું સંશોધન કરી ચમત્કારિક શોધો જગતને ભેટ ધરી છે.

### આધ્યાત્મિકતાનો અર્થ

આધ્યાત્મિકતા (Spirituality) શબ્દ અધ્યાત્મ શબ્દ પરથી બનેલો છે. અધ્યાત્મ = અધિ + આત્મા. અધ્યાત્મ અર્થાત્ (Spirit) વિશેનું અધિક જ્ઞાન, આત્મા વિશેની વિશેષ જાણકારી. આધ્યાત્મિકતા અર્થાત્ આત્મબોધ, જાતની વાસ્તવિક ઓળખ, તત્ત્વચિંતકો કહે છે - 'તું તારી જાતને ઓળખ.' (Thow know thyself) આધ્યાત્મિકતામાં આત્માનું, સૃષ્ટિના સર્જક પરમાત્માનું, આત્માના પરમાત્મા સાથેના મિલનનું અર્થાત્ રાજયોગનું જ્ઞાન સમાવિષ્ટ થઈ જાય છે. હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? ક્યાં જવાનું છે ? સૃષ્ટિ રૂપી રંગમંચ પર શા માટે આવ્યો છું ? આ સૃષ્ટિરૂપી નાટકના ડાયરેક્ટર, મુખ્ય એક્ટરો વગેરે કોણ છે ? સૃષ્ટિ ચક્ર, સમયચક્ર (કાળચક્ર), પુનર્જન્મ વગેરે આધ્યાત્મિક રહસ્યોને સાચા અર્થમાં સ્પષ્ટ કરે છે. વિજ્ઞાન પ્રકૃતિના જડ પદાર્થોનું જ્ઞાન આપે છે જ્યારે અધ્યાત્મ પ્રકૃતિથી ભિન્ન, અવિનાશી ચૈતન્ય શક્તિ આત્મા વિશેનું જ્ઞાન આપે છે. સાથે ચૈતન્ય આત્મા તથા જડ શરીર વચ્ચેનો તફાવત સમજાવી કર્મ, અકર્મ, વિકર્મ, સુકર્મ વિશેની સમજૂતી આપી માનવીને બુરાઈઓ, અવગુણો, ખામીઓથી બચવાની યુક્તિઓ દર્શાવવાનું તેમજ સદ્ગુણોના વિકાસનું શિક્ષણ આપે છે જે વિજ્ઞાન કરી શકતું નથી. આધ્યાત્મિકતા માનવીના ચારિત્ર્યનું ઉત્થાન કરી જીવનને સુખશાંતિમય અને દિવ્ય બનાવે છે.

### આધ્યાત્મિકતાનું મહત્વ

આધ્યાત્મિકતા એ સાંપ્રદાયિકતા કે ધાર્મિક સંકુચિતતા નથી. આધ્યાત્મિકતા વિશાળ ઉદાત ભાવના છે. જેમાં માનવીના ન્યાત, જાત, પ્રાંત, ભાષા, રંગ કે ધર્મના ભેદભાવોની સીમિતતા કે હદો નથી. હાલ ધાર્મિક, ઝનૂન, ધર્માંધતા, અત્યાચાર, દુરાચાર, હતાશા, નિરાશા, ઈર્ષ્યા, દ્વેષ, ચારે તરફ વધતા જાય છે અને મૂલ્યોનું પતન. ચારિત્ર્યનું પતન સર્જાઈ રહ્યું છે ત્યારે પરસ્પર પ્રેમ, ભાઈચારો, શાંતિ, સંપ, એકતા અને સદ્ભાવના જાગૃત કરવા માટે આધ્યાત્મિકતાનું મહત્વ પારાવાર વધી જાય છે. આધ્યાત્મિકતા પણ કર્મના સિદ્ધાંત દ્વારા આઘાત - પ્રત્યાઘાત, ક્રિયા-પ્રતિક્રિયા, કારણ-પરિણામના સંબંધ (cause effect relationship)ની સમજૂતી આપે છે. તેથી તેને આધ્યાત્મિક વિજ્ઞાન તરીકે પણ ઓળખવામાં આવે છે. આપણે એક વિશ્વપિતાના બાળકો આત્મા ભાઈ-ભાઈ છીએ તેવું તે પૂરવાર કરે છે. વિશ્વશાંતિ અને વિશ્વબંધુત્વની ભાવના

આધ્યાત્મિકતા દ્વારા જ લાવી શકાય.

## વિજ્ઞાનની ઉણપો

વિજ્ઞાનની ચમત્કારિક શોધખોળો અને હરણફાળ પ્રગતિએ અનેક સુખ-સુવિધાના સાધનો આપ્યા છે તથા વિશ્વને નજીક લાવી વિશ્વગ્રામ (Global Village) બનાવી દીધું છે. વિજ્ઞાને ફોન, મોબાઈલ ફોન, ટેલીવિઝન, ઈન્ટરનેટ, સોશીયલ મીડિયા દ્વારા દૂર દરાજના લોકો તથા દૂરના વિસ્તારોને એકદમ નજીક લાવી દીધા છે. પળવારમાં સમાચાર કે વિવિધ સૂચનાઓ વિશ્વના ખૂણે-ખૂણે સેંકડો લોકો સુધી પહોંચી જાય છે. પરંતુ માનવીઓના, અરે પણ શું આપણે પડોશીઓના હૃદયના અંતરને નજીક લાવી શક્યા છીએ ? વૈજ્ઞાનિકોએ શીતળતા પ્રદાન કરનાર ચંદ્રમા પર તો ઉતરાણ કર્યું. પરંતુ તેઓ માનવીના મનને શીતળતા પ્રદાન કરી શક્યા છે ખરા ? આકાશમાં ગગન વિહાર કરતા પક્ષીઓને જોઈને વિમાન અને પછી જેટ વિમાન સુધીની પ્રગતિ તો કરી પરંતુ આ ધરતી પર ખભેખભા મેળવીને પગ મૂકીને ચાલતાં શીખડાવ્યું ખરું ? વીજળીની શોધ કરીને ઘરના ખૂણા સુધી અજવાળું તો કર્યું, પરંતુ ઘરમાં રહેવાવાળા માનવીઓના દિલમાં અજવાળું કર્યું ખરું ? એરકન્ડીશન મશીનની શોધ કરી રૂમમાં તો ઠંડક કરી, પરંતુ તે રૂમમાં રહેનારને આજે દવા વગર રાત્રે સુખ-શાંતિ અને ચેનની ઉંઘ આવી શકે તે માટે તેના મગજને ઠંડક આપી શકાઈ ખરી ? આ તો કેવી વિડંબના છે ? એન્જીનીયર બને છે, તો ઈમાનદારી છોડી દે છે. કલેક્ટર બને છે, તો કેરેક્ટર છોડી દે છે. કમિશ્નર બને છે, તો કમીશન લેવાનું શરૂ કરી દે છે. સાધનને પકડે છે, તો સાધનાને છોડી દે છે. વિજ્ઞાનને પકડે છે, તો આધ્યાત્મિક જ્ઞાનને છોડી દે છે અને પરિણામે આજે મનુષ્ય દુ:ખી દુ:ખી થઈ રહ્યો છે. પરંતુ આમાં ભૂલ મનુષ્યની છે. મનુષ્યે વિજ્ઞાનનો સદુપયોગ કરવો જોઈએ.

## વિજ્ઞાન તથા આધ્યાત્મિકતાનો સમન્વય

વિજ્ઞાન અને આધ્યાત્મિકતા પરસ્પર પૂરક અને સહાયક છે. મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઈન્સ્ટાઈને વિજ્ઞાન અને આધ્યાત્મિકતા એ બન્નેના સહસંબંધ વિશે પ્રખ્યાત વિધાન એ કરેલું છે કે,

'આધ્યાત્મિકતા વિનાનું વિજ્ઞાન અંધ માનવી સમાન છે, અને વિજ્ઞાન વગરની આધ્યાત્મિકતા અપંગ માનવી સમાન છે.'

વિજ્ઞાન અને આધ્યાત્મિકતાનો સાથ સહકાર જ માનવીને નિરંતર શાંતિ, પ્રગતિ અને સમૃદ્ધિને પ્રાપ્ત કરી શકે છે.

શ્રી વિનોબા ભાવે એ કહ્યું છે,

વિજ્ઞાન + આધ્યાત્મિકતા = સર્વોદય અને વિજ્ઞાન - આધ્યાત્મિકતા = સર્વનાશ

વિજ્ઞાને અણુબોંબ, મિસાઈલ્સ, જૈવિક - રસાયણિક શસ્ત્રોની શોધ કરી તેમનું ઉત્પાદન કરેલું હોવાથી સૃષ્ટિ કાળના - મૃત્યુના મ્હોં આગળ ઉભી છે. આધ્યાત્મિકતા વિનાનું વિજ્ઞાન સૃષ્ટિના સર્વનાશને નોંતરશે. વિજ્ઞાનની પણ બલિહારી એ છે કે તેણે સુખ સગવડોનાં વિશાળ વિવિધ સાધનોની શોધખોળો તથા તેમનું ઉત્પાદન કર્યું છે, જેથી વિશ્વની સમૃદ્ધિ અને સુખાકારી જોવા મળે છે. તેથી સાચું ડહાપણ એ છે કે : વિજ્ઞાન અને આધ્યાત્મિકતા બંનેનો સુમેળ, સમન્વય સાધવાનું, બંનેના સહસંબંધથી જ માનવજાતનું કલ્યાણ થશે. પરંતુ હાલ વિજ્ઞાન પ્રગતિ કરી રહ્યું છે. આધ્યાત્મિકતા પીછેહઠ કરી રહી છે. ખરેખર જરૂર છે સાંપ્રત સમયમાં આધ્યાત્મિકતાને પ્રાધાન્ય

(અનુસંધાન પેજ નં. 21 પર)

# ત્રિવેણી

બ્ર.કુ. કાન્તિભાઈ મેઘપરા, અટલાદરા, વડોદરા.

## સત્ય

એવું કહેવાય છે કે સત્ય હંમેશા કડવું હોય છે. પરંતુ કોના માટે ? સત્ય બધાને કડવું લાગતું નથી. સત્ય કડવું તેને જ લાગે કે જે અસત્યવાદી છે, જૂઠવાદી છે કે જેની રગ રગમાં જૂઠાણું છે. જે બાબત ખોટી હોવા છતાં પણ જૂઠવાદીને પોતાની દૃષ્ટિથી તે બાબત સાચી જ લાગતી હોય છે. જેવી દૃષ્ટિ તેવી વૃત્તિ. માણસની પરખ તેની દૃષ્ટિ પરથી થતી હોય છે. જૂઠવાદીની દૃષ્ટિ પર જૂઠ રૂપી આવરણ દૃષ્ટિ ગોચર થતું હોય છે. આ જૂઠ રૂપી આવરણનો પડછાયો તેના મન પર પડે છે અને તેનું મન જૂઠના વિચારોમાં કાર્યાન્વિત થઈ જાય છે ત્યાર પછી તેનું મન બુદ્ધિ દ્વારા નિર્ણય કરે છે અને મુખ દ્વારા જૂઠું બોલે છે. જૂઠવાદી જેટલો બુદ્ધિશાળી હોય છે તેટલો બુદ્ધિશાળી સત્યવાદી હોતો નથી. પણ એટલું ખરું કે જૂઠવાદી જૂઠ બોલવામાં ભલે બુદ્ધિશાળી હોય પરંતુ તેની પાસે દિલ હોતું નથી. જ્યારે સત્યવાદી પાસે દિલ હોય છે. તેથી જ કહેવાય છે કે સચ્ચે દિલ પર સાહેબ રાજી. જેના દિલમાં સત્યતા છે તે ભોળા હોય છે. જ્યારે જેના દિલમાં અસત્યતા છે તે ચતુર હોય છે. ચતુર બાળકો બાબાને પસંદ નથી કારણ કે બાબા ભોળાનાથ છે. ચતુરનાથ નથી. ચતુર પોતાના દિમાગનો ઉપયોગ કરે છે. જ્યારે ભોળા પોતાના દિલનો ઉપયોગ કરે છે. ચતુર ચતુરાઈથી અસત્યનો આશરો લેતાં અચકાતા નથી. જ્યારે ભોળા તેનાં દિલનો સત્યનો આશરો લેતા હોય છે.

સત્ય એ એક અરીસો છે તેમ અરીસો પણ એ એક સત્ય છે. અરીસો કદીપણ જૂઠું બોલતો નથી. બાહ્ય રીતે મનુષ્ય જેવો હશે તેવું પ્રતિબિંબ અરીસો મનુષ્યને બતાવતો હોય છે. પરંતુ બિચારા અરીસાને ક્યાં ખબર છે કે આ જ મનુષ્ય અંદરથી કેવો છે ? અંદરથી જૂઠો હોય છે. આ જ જૂઠો મનુષ્ય અરીસા કરતાં પણ વધુ બિચારો છે કારણ કે પેલા સ્થૂળ અરીસા કરતાં પણ વધુ શક્તિશાળી સમાજ છે કારણ કે સમાજ પણ એ એક અરીસો છે. પેલો બિચારો જૂઠો મનુષ્ય અંદરથી કેવો છે તેનું પ્રતિબિંબ સમાજ પર પડ્યા વગર રહેતું નથી. સમાજ મનુષ્યની અંદરની છબી રજૂ કરે છે જ્યારે સ્થૂળ અરીસો મનુષ્યની બાહ્ય છબી રજૂ કરે છે. જ્યારે બાબા અંદરની અને બહારની બન્ને છબી રજૂ કરે છે.

અસત્ય લાંબો સમય ગુપ્ત રહી શકતું નથી. આજ નહિ તો કાલ સમાજ રૂપી અરીસા પર તેનું પ્રતિબિંબ પડ્યા વગર રહેતું નથી. કહેવત છે કે ચાર દીવાલોને પણ કાન હોય છે અર્થાત ચાર દીવાલની રચના સમાજના વાતાવરણમાં જ થઈ છે. અનેક મનુષ્યથી સમાજની રચના થઈ છે. તેથી સમાજને કેટલા કાન થયા ? ખબર તો પડવાની જ. અસત્ય બહુરૂપી છે એટલે કે અસત્ય અનેક સ્વરૂપે પ્રસ્તુત થતું હોય છે. અસત્યનું એક સ્વરૂપ 'છુપાવી રાખવું' તે છે. આ સ્વરૂપ સ્પ્રિંગ જેવું છે. જેમ એક સ્પ્રિંગને જ્યાં સુધી દબાવી રાખો ત્યાં સુધી દબાયેલી રહેશે પરંતુ જ્યારે તેના પરનું બાહ્ય બળ છોડી દેવામાં આવે ત્યારે તે સ્પ્રિંગની વાસ્તવિક સ્થિતિ પ્રત્યક્ષ થાય છે તેમ એક છૂપાયેલી વાતને જ્યાં સુધી દબાયેલી રાખવામાં આવે ત્યાં સુધી દબાયેલી રહેશે પરંતુ કોઈ અગમ્ય સુષુપ્ત બાહ્ય બળ ઓછું થતાં છુપાવી રાખેલી

વાતનો ઘટસ્ફોટ થશે. કહેવાય છે કે જ્યારે પાપ છાપરે ચઢીને પોકારે ત્યારે લાંબા સમયથી છૂપાવેલી વાતનો ઘટસ્ફોટ થાય છે. વાત (Matter) પછી ગમે તે હોય ! કોઈ પણ બાબતને લાંબા સમયથી છૂપાવી રાખનાર હંમેશા ભયના ઓથાર નીચે જીવતો હોય છે. પોતાનું મન પોતાને જ કોરી ખાય છે. મનથી તે દુઃખી થતો હોય છે. ના કહેવાય ના સહેવાય તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય છે. તેનું મન અંદરથી રડતું હોય છે. ભૂખ, ઊંઘ હરામ થઈ જાય છે. જ્ઞાન, યોગ, ધારણા અને સેવામાં અડચણ આવે છે. એક જૂઠ છૂપાવવા માટે તે હજાર જૂઠ બોલતો હોય છે. પરંતુ તે પોતાની અસલિયત તેમજ વાસ્તવિકતાને છાવરતો હોય છે. તે સત્યતા પર જૂઠરૂપી કાળી ચાદર ઓઢેલી રાખવા દરેક પ્રકારની મથામણ કરતો હોય છે. જ્યારે સત્ય વાત પ્રકાશમાં આવે છે ત્યારે પણ તે દોષરૂપી ટોપલો અન્ય પર ઢોળી દેવા મથામણ કરતો હોય છે પરંતુ પોતાને દોષિત ઠેરવતો નથી. જે વ્યક્તિના કારણે જૂઠું બોલવું પડ્યું તે વ્યક્તિ દોષિત નથી પરંતુ વાસ્તવિક સત્ય વાતને છૂપાવી રાખીને જૂઠ બોલનાર જ દોષિત છે. પરંતુ જૂઠ વ્યક્તિ ખો આપવામાં નિષ્ણાત હોય છે.

કોઈ પણ વ્યક્તિને વાતને છૂપાવવાની આદત પડી ગઈ હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો જૂઠ બોલવાની આદત પડી ગઈ હોય છે તે વ્યક્તિ ભવિષ્યમાં જ્યારે પણ તક મળે ત્યારે જૂઠ બોલતા કે વાતને છૂપાવતાં અચકાશે નહિ કારણ કે આદત એ સંસ્કાર બને છે. જે વ્યક્તિએ જે બાબત છૂપાવી તે વ્યક્તિ અન્ય બાબતો પણ છૂપાવતો જ હોય છે. અહીં પ્રશ્ન એ થાય છે કે વ્યક્તિ કોઈ પણ બાબત શા માટે છૂપાવે છે ? તેનાં કારણો તો અનેક છે પરંતુ તે કારણોમાંનું મુખ્ય કારણ સુખની પ્રાપ્તિ છે. પરંતુ તેને ખબર નથી કે આવું સુખ અલ્પકાલીન તેમજ ક્ષણભંગુર છે. આવું અલ્પકાલીન તેમજ ક્ષણભંગુર સુખ પ્રાપ્ત કરવાં જતા દુઃખ અને અશાંતિનું સામ્રાજ્ય છવાઈ જતું હોય છે.

જ્યારે વ્યક્તિ પોતાના નિજી સ્વાર્થ માટે નહિ પરંતુ વિશાળ સમુદાયના હિતાર્થે કોઈ વાત છૂપાવે કે જૂઠ બોલે તેને સફેદ જૂઠ કહેવામાં આવે છે. પરંતુ જ્યારે વ્યક્તિ માત્રને માત્ર પોતાના નિજી સ્વાર્થ માટે વિશાળ સમુદાય કે કોઈ એક વ્યક્તિને નુકસાન થાય કે તેના અમૂલ્ય જીવન સાથે ચેડા થાય તેવા જૂઠને કાળું જૂઠ કહેવામાં આવે છે. કાળું જૂઠ બોલનાર વ્યક્તિ પ્રપંચી, દગાબાજ હોય છે.

સત્ય સ્વયં સિદ્ધ હોય છે. તેને સિદ્ધ કરવું પડતું નથી. મોરના ઈંડા ચિતરવા ના પડે. સત્યતા એ સતયુગી દૈવી ગુણ છે જે બાબાએ આપેલો વારસો છે. અસત્યતા એ કળીયુગી આસુરી ગુણ છે. જે માયાએ આપેલો વારસો છે. કસોટી હંમેશા સત્યની થતી હોય છે. સત્યવાદીની સત્યતાની પરીક્ષા લેવા માટે અનેક પેપર આવતાં હોય છે પરંતુ જ્યાં સત્યતા છે ત્યાં પ્રભુતા છે. તેનું તાદૃશ્ય દૃષ્ટાંત સાકાર બ્રહ્માબાબા છે. જ્યાં દિલની સત્યતા છે ત્યાં જ નમ્રતા છે પરંતુ જ્યાં માત્ર દિમાગી સત્યતા છે ત્યાં અશિષ્ટતા છે. સત્યતાને પ્રત્યક્ષ કરવા માટે પણ નમ્રતા (Humbleness) હોવી જરૂરી છે. પ્રભુતા ત્યાં જ હોય કે જ્યાં નમ્રતાથી સત્યતાને પ્રત્યક્ષ કરવામાં આવે. સત્ય શાશ્વત છે જ્યારે અસત્ય ક્ષણભંગુર છે. સત્યની રાહ પર ચાલવું એ એક તપશ્ચર્યા છે. જેના દિલમાં સત્યતા છે તેના દિલમાં પ્રભુતાનો વાસ છે. સત્યતા એ વિશ્વાસનું બીજ છે. વિશ્વાસ એ સત્યતાનો બીજો ભાઈ છે. સચ્ચાઈ અને સફાઈ એ સિક્કાની બે બાજુ છે એટલે કે જ્યાં સચ્ચાઈ છે ત્યાં સફાઈ હોય જ. જ્યાં સચ્ચાઈ અને સફાઈ બન્ને હોય ત્યાં ઈમાનદારી પણ હોય. સત્યવાદી વ્યક્તિ પારદર્શી

તેમજ નિષ્કપટી હોય છે. રાગ, દ્વેષ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે દુર્ગુણો સાથે સત્યનિષ્ઠ વ્યક્તિને મિત્રતા હોતી નથી. સત્યનો મોટામાં મોટો શત્રુ લોભ છે. લોભના અસુરે જેને પકડી રાખ્યો છે તેના સત્યની રક્ષા થઈ શકતી નથી. જ્યાં લોભ અને લાલચ બન્ને છે ત્યાં સત્યતા નથી. મોહગ્રસ્ત વ્યક્તિ અનિષ્ટમાં ઈષ્ટ, હાનિમાં લાભ અને અસત્યમાં સત્યનો અનુભવ કરવા લાગી જાય છે. મદ અને મત્સર એ અહંકારના જ બે પ્રચંડ પ્રકાર છે. દંભી વ્યક્તિ અસત્યવાદી હોય છે. સત્યનિષ્ઠ વ્યક્તિને દેવતા કહેવામાં આવે તો પણ અતિશયોક્તિ નથી. વિશ્વ ડ્રામાની આધારશિલા સત્યતા છે. આત્મિક ઉન્નતિના સાધનો અને ઉપાય ઋષિઓ, મુનિઓ અને ધર્મ પ્રવર્તકોએ પ્રતિપાદિત કર્યાં છે. તેમાં સત્યને સર્વથી ઉચું સ્થાન આપ્યું છે. કોઈ પણ સાધના પછી ભલે તે ગમે તેટલી ઉંચી કેમ ના હોય તો પણ તે સત્ય વગર સફળ થઈ શકતી નથી. સત્યતા વગર કોઈ પણ પ્રકારની સફળતા શક્ય નથી. સમુદ્રમાં નાવની જેમ સત્ય સ્વર્ગનું સોપાન છે એટલે કે જેવી રીતે નાવનો આધાર વ્યક્તિને સમુદ્રની વચ્ચેથી પાર કિનારા પર પહોંચાડી દે છે તેવી રીતે સત્ય વ્યક્તિને સંસારમાંથી પાર કરી સ્વર્ગે પહોંચાડી દે છે. સત્યનિષ્ઠ વ્યક્તિમાં સત્યને પારખવાની પરખ શક્તિ હોવાના કારણે તે સદા સત્યનો જ સ્વીકાર કરે છે. સત્યનિષ્ઠ વ્યક્તિ તેને જ કહેવાય કે જે મન, વચન અને કર્મથી સત્ય હોય.

God is Truth but
Truthful person is second God.

॥ ઓમશાંતિ ॥

# સ્નેહ

મોરનાં ઈંડા ચિતરવા ન પડે. તે Naturally જણાઈ આવે. સત્ય સ્વયં સિદ્ધ હોય છે. તેને સિદ્ધ કરવું ન પડે. સૂર્યની સત્યતા માટે સિદ્ધિ (સાબિતી) ન હોય તેમ દિલના સ્નેહ માટે પણ સિદ્ધિ ન હોય. ભૂમિતિમાં પ્રમેય આવે છે. આ પ્રમેયમાં સાધ્ય અને સિદ્ધિ બન્ને હોય છે. પરંતુ અઢી અક્ષરથી બનેલા દિલના સ્નેહ માટે તેમજ તેના Opposite word અઢી અક્ષરથી બનેલા ઘૃણા માટે પણ સાધ્ય કે સિદ્ધિ ન હોય. તે સ્વતઃ જણાઈ આવે. દિલનો સ્નેહ એ સિદ્ધિ સ્વરૂપ છે. સ્નેહના બે પ્રકાર છે.

### દિમાગી સ્નેહ અને દિલનો સ્નેહ

દિમાગ સ્થૂળ તેમજ વિનાશી છે જ્યારે દિલ સૂક્ષ્મ તેમજ અવિનાશી છે. દિલ એટલે બુદ્ધિરૂપી આત્મિક કર્મેન્દ્રિય. દિમાગથી કરેલો સ્નેહ નિજી સ્વાર્થથી ભરેલો હોય છે કે જે સ્નેહ ક્ષણભંગુર હોય છે. તેથી જ્યાં સ્વાર્થ છે ત્યાં પરમાર્થ નથી. કહેવાય છે કે 'પ્યાર કિયા નહીં જાતા હો જાતા હૈ' એટલા માટે 'જો હો જાતા હૈ' તેને જ દિલનો સ્નેહ કહેવાય. દિલના સ્નેહમાં એટલી રુહાનિયત અને એટલી તાકાત હોય છે કે દિમાગી સ્નેહ કરનાર પણ દિલનો સ્નેહ કરવા લાગી જાય છે. દિલનો રુહાની સ્નેહ પવિત્ર હોય છે. જ્યારે દિમાગી સ્નેહમાં વિકારની બદબૂ આવતી હોય છે. દિમાગી સ્નેહમાં કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકાર જેવા વિકારો ક્યારે સવાર થઈ જાય તે કંઈ જ કહી શકાય નહિ. બાબાના બે પ્રકારના બાળકો હોય છે. (૧) ચતુર (૨) ભોળા. ચતુર બાળકોનો સ્નેહ દિમાગી સ્નેહ હોય છે જ્યારે ભોળા બાળકોનો સ્નેહ દિલનો સ્નેહ હોય છે. દિલનો સ્નેહ વ્યક્ત કરવા માટે શબ્દો નથી હોતા જ્યારે દિમાગી સ્નેહ વ્યક્ત કરવા માટે શબ્દો હોય છે. આત્મ

અભિમાની સ્થિતિમાં વ્યક્ત થતો સ્નેહ દિલનો સ્નેહ હોય છે જ્યારે દેહ અભિમાન સ્થિતિમાં વ્યક્ત થતો સ્નેહ દિમાગી સ્નેહ હોય છે. બાબા દિમાગી સ્નેહ સ્વીકારતા નથી. પરંતુ દિલનો સ્નેહ સ્વતઃ સ્વીકારાઈ જાય છે. સ્વીકારવો પડતો જ નથી. ભાવ અને ભાવના એ ભક્તિની સામગ્રી છે કે જે દિમાગી સ્નેહથી વ્યક્ત થાય છે. 'ભગવાન ભાવનાના ભૂખ્યા' છે. આ ઉક્તિ ભક્તિની છે. ભાવનાથી કરેલી ભક્તિનું ફળ જ્ઞાન છે. જ્ઞાનમાં આવ્યા પછી ભક્તિને ભૂલવી પડે તેમજ ભાવનાને પણ ભૂલવી પડે. જ્યાં દિલનો રુહાની સ્નેહ છે ત્યાં ભાવનાને કોઈ જ સ્થાન નથી. હાં, દિમાગી સ્નેહમાં ભાવના હોય છે. ભાવનાવાળો ભાવુક હોય છે. Sensitive હોય છે. જ્યાં Sensitivity છે ત્યાં સમસ્યા ઊભી થઈ શકે છે. જ્યાં દિલનો રુહાની સ્નેહ છે ત્યાં સમસ્યા નથી. Smiling માં રુહાની દિલનો સ્નેહ સમાયેલો છે જ્યારે Laughingમાં દિમાગી સ્નેહ સમાયેલો છે. Smiling એટલે સ્મિત જ્યારે Laughing એટલે હાસ્ય. ઘણાંનું હાસ્ય લૂખ્ખું હોય છે. છલ, કપટથી ભરેલું હોય છે. હાસ્યસભર દિમાગી સ્નેહથી ચેતતા રહેવું. (હાસ્ય અને સ્મિત ઉપર તો નિબંધ લખી શકાય) સ્મિતમાં એક પ્રકારની રુહાનિયત છે. વાણીની મીઠાશમાં દિમાગી સ્નેહ સમાયેલો છે જ્યારે વાણીની મધુરતામાં દિલનો સ્નેહ સમાયેલો છે. તેથી મીઠા નહિ, મધુર બોલ બોલો, મીઠાશથી ડાયાબિટિસ થઈ શકે છે. એક ગીતની પંક્તિ મને યાદ આવે છે - અધરમ્ મધુરમ્ વદનમ્ મધુરમ્ નયનમ્ મધુરમ્ હસિતમ્ મધુરમ્ .... કેટલી રુહાનિયત છે ! કેટલી નજાકત છે ! આને કહેવાય દિલનો સ્નેહ.

દિલના સ્નેહનો સરવાળો હોય બાદબાકી ના હોય, દિલના સ્નેહનો ગુણાકાર હોય ભાગાકાર ના હોય. ત્યાગ, સમર્પણતા, કુરબાની, વફાદારી, વિશ્વસનીયતા, પ્રામાણિકતા, મધુરતા, સત્યતા, પવિત્રતા, સન્તુષ્ટતા, ધૈર્યતા, એકતા, સહયોગ વગેરે એ દિલના સ્નેહની ધરોહર છે. બીજ છે. જ્યાં દિમાગી સ્નેહ છે ત્યાં દિલના સ્નેહની ઉક્ત તમામ ધરોહરનો અભાવ હોય છે.

અત્યારે કળિયુગી માહોલના શુદ્રોમાં કોઈનામાં પણ એક બીજા પ્રત્યે દિલનો સ્નેહ તો હોઈ શકે નહિ. પરંતુ દિમાગી સ્નેહ પણ હોતો નથી. અત્યારના કળિયુગી નવા Generationના યુવાન યુવતીઓ એક બીજાને પ્રેમ કરી લગ્નગ્રંથીથી જોડાય છે પરંતુ થોડા જ સમયમાં છૂટાછેડા થાય છે. તેનું મૂળ કારણ દિમાગી સ્નેહ છે. બીજા શબ્દોમાં કહીએ તો અત્યારના કળિયુગી નવા Generationના યુવાન યુવતીઓમાં ત્યાગ, સમર્પણતા, કુરબાની, વફાદારી, વિશ્વસનીયતા, પ્રમાણિકતા, મધુરતા, સત્યતા, પવિત્રતા, સંતુષ્ટતા, ધૈર્યતા, એકતા, સહયોગ જેવા સદ્ગુણોનો અભાવ હોય છે. તેઓ શારીરિક આકર્ષણની આસક્તિ તેમજ વિકારથી આકર્ષાઈ અને સ્નેહના નામને ચરી ખાઈ લગ્નગ્રંથીથી જોડાય છે. અને આવા લગ્નો લાંબો સમય ટકતાં નથી.

દિલના સ્નેહમાં ત્યાગ, વિશ્વસનીયતા, પ્રામાણિકતા, સમર્પણતા, કુરબાની, વફાદારી, મધુરતા, સત્યતા, પવિત્રતા, સંતુષ્ટતા, ધૈર્યતા, એકતા, સહયોગ જેવા સદ્ગુણોરૂપી બીજોનું વાવેતર જ્યાં થાય અને તેમાંથી જે વટવૃક્ષ તૈયાર થાય ત્યારે તેની શીતળતા અને તેની સૂક્ષ્મ સુવાસથી વાતાવરણ જાણે કે મઘમઘતું તેમજ આહ્લાદક બની જાય છે.

સાચા દિલના સ્નેહમાં હિસાબ-કિતાબને કોઈ જ સ્થાન નથી. કોઈ પણ પ્રકારની અપેક્ષા

વગર થતો સ્નેહ એ જ સાચા દિલનો સ્નેહ છે. જ્યાં દિલનો સ્નેહ છે ત્યાં ઈર્ષ્યાને કોઈ જ જગ્યા નથી. જ્યાં દિલનો સ્નેહ છે ત્યાં કોઈ જ માગણી નથી. જ્યાં દિલનો સ્નેહ છે ત્યાં છલ, કપટ, પ્રપંચ, ધોખા હોય જ નહિ. જ્યાં દિલનો સ્નેહ છે ત્યાં દર્દ નથી. દિલના સ્નેહમાં સૌદાબાજી ના હોય. દિલના સ્નેહનું મૂલ્ય હોય કિંમત ના હોય. દિલના સ્નેહ રૂપી પાણી સર્વ આત્માના બીજ રૂપ પરમાત્માને આપવામાં આવે તો સમસ્ત આત્મા રૂપી વટવૃક્ષને સ્નેહ રૂપી પાણી સ્વતઃ પ્રાપ્ત થઈ જાય છે. દિમાગી સ્નેહમાં મહેનત છે જ્યારે દિલના સ્નેહમાં પુરુષાર્થ છે. પરમાત્માની સ્વતઃ યાદ એટલે દિલનો સ્નેહ, પરમાત્માને યાદ કરવામાં મહેનત એટલે દિમાગી સ્નેહ.

દિલનો સ્નેહ આત્મ સ્વરૂપ સ્થિતિ વગર વ્યક્ત થઈ શકતો નથી કારણ કે દિલનો સ્નેહ આત્મ સંબંધિત સ્નેહ છે જ્યારે દિમાગી સ્નેહ આત્મ સ્વરૂપ સ્થિતિ વગર વ્યક્ત થઈ શકે છે કારણ કે દિમાગી સ્નેહ દેહ સંબંધિત સ્નેહ છે. દિમાગી સ્નેહ ક્ષણભંગુર છે જ્યારે દિલનો સ્નેહ શાશ્વત છે. પ્રેમ સ્વરૂપ સ્થિતિ વગર દિલના સ્નેહની સરવાણી પ્રવાહિત થઈ શકતી નથી કારણ કે પ્રેમ સ્વરૂપ એ આત્માની Original અનાદિ સ્થિતિ છે. જેમ પાણીનો Original ગુણ શીતળતા છે તેમ આત્માનો Original ગુણ સ્નેહ છે. આત્મા પોતાનો Original ગુણ સ્નેહ ત્યારે જ ગુમાવે છે કે જ્યારે તે દેહ અભિમાની બને છે. સતયુગમાં દેવી-દેવતાઓનું જીવન સ્નેહયુક્ત હતું. કારણ કે સતયુગમાં દેવી-દેવતાઓ આત્મ અભિમાની સ્થિતિમાં જીવન વ્યતીત કરતા હતા. સતયુગમાં દેવી-દેવતાઓનો સ્નેહ દિમાગી સ્નેહ ન હતો કારણ કે સતયુગમાં દેવી-દેવતાઓ દેહ અભિમાની નહોતા. દ્વાપરયુગથી આ જ દેવાત્માઓ વૈશ્યવંશી બનતા દેહ અભિમાની બન્યાં અને દિમાગી સ્નેહ કરવા લાગી ગયા. અત્યારે કળિયુગના અંતે દિલનો સ્નેહ તો શું દિમાગી સ્નેહ પણ 25% જ રહ્યો છે. અત્યારે કળિયુગી પરિવારોમાં ‘કભી ખુશી કભી ગમ’ હોવાનું કારણ માત્ર 25% દિમાગી સ્નેહ રહ્યો તે છે. કેટલાક પરિવારોમાં સદાને માટે ‘ગમ’ જ હોય છે. કારણ કે હવે તો દિમાગી સ્નેહ પણ રહ્યો નથી. પ્રવર્તમાન સમયમાં દિલનો સ્નેહ દુર્લભ છે કારણકે સર્વ આત્માઓ તમોપ્રધાન બની જવાના કારણે સંપૂર્ણ 100% દેહ અભિમાની બની ગયા છે.

અત્યારના કળિયુગી નવા young generationનો સ્નેહ માત્ર વાસનાઓ અને વિકારોથી જ ભરેલો હોય છે. વાસના તૃપ્ત થઈ ગઈ એટલે સ્નેહમાં તેમજ સંબંધમાં અંતર વધતાં લગ્ન જીવનમાં તિરાડ પડે છે. લગ્ન જીવન પ્રથા તૂટી જવાનું મૂળ કારણ વાસનાઓ અને વિકારો જ છે. સતયુગ અને ત્રેતાયુગમાં લગ્ન નો’તા થતાં પરંતુ સ્વયંવર થતાં હતાં. નર-નારીનું સ્નેહ સંબંધથી જોડાણ એટલે સ્વયંવર. અને સ્વયંવરના બન્ને નર-નારીને એકબીજાના યુગલ કહેવામાં આવતાં હતાં. યુગલ એ પવિત્રતાનું સૂચક છે. જ્યારે પતિ-પત્ની એ અપવિત્રતાનું વેધક છે. પવિત્રતા સ્વરૂપ એ આત્માનું બીજું અનાદિ સ્વરૂપ છે અને શાંતિ સ્વરૂપ એ આત્માનું ત્રીજું અનાદિ સ્વરૂપ છે. આ રીતે પ્રેમ સ્વરૂપ, પવિત્રતા સ્વરૂપ, શાંતિ સ્વરૂપ સ્થિતિમાં આત્મા જ્યારે સ્થિત થઈ જાય ત્યારે સ્નેહની સરવાણી તો શું સ્નેહનો સ્રોત શરૂ થઈ જતો હોય છે. પછી તો સ્વાભાવિક જ છે કે જીવનમાં સુખ, આનંદ, ખુશી, ત્યાગ, સમર્પણતા, કુરબાની, ધૈર્યતા, એકતા, મધુરતા, વફાદારી, વિશ્વસનીયતા, પ્રામાણિકતા, સત્યતા, પવિત્રતા, સંતુષ્ટતા, સહયોગ જેવા દૈવી ગુણ Develope

થાય જ અને એક દૈવી ગુણના વટવૃક્ષનો Growth ( વિકાસ ) થાય.

॥ ઓમશાંતિ ॥

# ઈર્ષ્યા - નિંદા

ઈર્ષ્યા એ નિંદાની જનેતા છે એટલે કે નિંદાનો જન્મ ઈર્ષ્યામાંથી થાય છે. ઈર્ષ્યા એ બીજ છે જ્યારે નિંદા એ એક મોટું વટવૃક્ષ છે. ઈર્ષ્યાનો જન્મ અભાવ, અસન્તુષ્ટતા, લઘુતાગ્રંથીમાંથી થાય છે એટલે કે અભાવ, અસન્તુષ્ટતા, લઘુતાગ્રંથીનું સંતાન ઈર્ષ્યા છે અને ઇર્ષ્યાનું સંતાન નિંદા છે. ઇર્ષ્યા એ એક એવો દાવાનળ છે કે જેમાંથી ઉદ્‌ભવતી જ્વાળાઓથી હર્યું ભર્યું ઘર પણ છિન્ન-ભિન્ન થઈ જાય.

ગુસ્સો કરવાથી મટકાનું પાણી સૂકાઈ જાય પરંતુ ઇર્ષ્યારૂપી દાવાનળથી તો મટકામાં છેદ જ પડી જાય ! ગુસ્સો તો ક્ષણિક હોય પરંતુ ઇર્ષ્યાનું સાતત્ય અટકતું નથી. ઇર્ષ્યા વ્યક્ત કરવાનું માધ્યમ આંખો છે. આંખો એ ઇર્ષ્યાનું રિલે કેન્દ્ર છે. જ્યારે ગુસ્સો વ્યક્ત કરવાનું માધ્યમ સમસ્ત ચહેરો છે એટલે કે આંખોમાંથી ઇર્ષ્યારૂપી વરસાદ વરસતો હોય છે જ્યારે ચહેરો ગુસ્સાની ચાળી ખાય છે.

જ્યાં ઇર્ષ્યા છે ત્યાં સ્નેહ નથી. ઇર્ષ્યાખોર પોતાનું દુઃખ સહન કરી શકે છે પરંતુ કોઈનું સુખ સહન કરી શકતો નથી. ઇર્ષ્યાળુ માટે કોઈ પાડોશી નહિ. ઇર્ષ્યાળુને આશીર્વાદ આપો એટલે કે ઇર્ષ્યાળુ પ્રત્યે શુભભાવના શુભકામના રાખવામાં જ કલ્યાણ સમાયેલું છે. ઇર્ષ્યા એ એક નકારાત્મક આવેગ છે. કોઈના પ્રત્યે પણ ઇર્ષ્યાની ભાવના રાખવાથી ઇર્ષ્યા કરનાર સુખને પ્રાપ્ત કરી શકતો નથી. ઇર્ષ્યા એ એક સૂક્ષ્મ વિકાર છે કે જે વિકારમાંથી નિંદા નામના વિકારરૂપી રાક્ષસનો જન્મ થાય છે. જ્યાં ઇર્ષ્યા છે ત્યાં નિંદાનું અસ્તિત્વ હોય જ. નિંદા એ ઇર્ષ્યાનો પડછાયો છે કે જે ઇર્ષ્યાની સાથે જ હોય. ઇર્ષ્યાખોર કે નિંદક કોઈની પણ દિલથી પ્રશંસા કરી શકતો નથી. ઇર્ષ્યા એ એક માચિઝની દિવાસળી છે કે જેનાથી ઇર્ષ્યાળુનું શરીર જીવતા જ બળીને ખાક થઈ જાય છે એટલે કે તે અંદરથી બળતો હોય છે. તેને દિવાસળીની જરૂર પડતી નથી. ઇર્ષ્યા અને નિંદા એ મનનો કચરો છે કે જે કચરો મનમાં વારંવાર નાંખ નાંખ કરવાથી ઇર્ષ્યા અને નિંદાનો ઉકરડો બને છે કે જેના સૂક્ષ્મ દુર્ગંધરૂપી Negative Vibrationથી આસપાસનું વાતાવરણ પ્રદૂષિત તેમજ કલૂષિત બને છે. કે જેનાથી આસપાસમાં રહેતા લોકોના માનસ પટ પર તેની અસર થતી જોવા મળે છે.

નિંદકનો સંગ નિંદક સાથે જ હોય. નિંદકની સભામાં બધા નિંદક જ હોય. જેઓને નિંદા કરવાની આદત પડી ગઈ છે તેઓ એક બીજાની ગેરહાજરીમાં એક બીજાની નિંદા જ કરતા હોય છે. તેના માટે નિંદા એ એક નિંદારસ બની જાય છે અને સાંભળનાર માટે એક કનરસ બની જાય છે. નિંદા કર્યા વગર તેને ક્યાંય ચૈન પડતું નથી. જ્યારે નિંદકોની સભા ભરાય ત્યારે તેઓને સમય તેમજ સ્થળની સૂધબૂધ રહેતી નથી કારણ કે તેઓ નિંદારસમાં તલ્લીન તેમજ એકાગ્ર બની ગયા હોય છે. તેઓને જેટલો રસ નિંદારસમાં છે તેટલો રસ સત્સંગમાં હોતો નથી. તેઓ સત્સંગ કરતા નિંદારસને પ્રથમ Priority આપે છે. તેઓના માટે નિંદારસ એ એક વિટામિનયુક્ત આહાર

બની જાય છે. તેઓના માટે નિંદારસ એ એક નશાયુક્ત પીણું બની જાય છે. અને આવા નશાયુક્ત પીણાનું રસપાન કરવા માટે તેઓ ગમે તેવાં કામ પડતાં મૂકીને પણ નક્કી કરેલા સ્થળે નિંદાસભાની બેઠકમાં એકત્રિત થઈ જતાં હોય છે. નિંદારસ એ નિંદક માટે એક રસાયણ છે. નિંદકો સ્વચિંતનથી કોશો દૂર ભાગતા હોય છે. નિંદકોને કોઈની Positive બાબતો પણ negative જ દેખાતી હોય છે. નિંદક જેની પણ નિંદા કરતો હોય છે તેનો તે વકીલ અને જજ બન્ને બની જાય છે. આવાં લોકો વકીલાત કરવામાં નિષ્ણાત હોય છે.

નિંદાને નિંદારસ કહેવાય પરંતુ ઇર્ષ્યાને ઇર્ષ્યારસ ના કહેવાય. નિંદારસ એ એક મોટું વટવૃક્ષ છે કે જેનું બીજ ઇર્ષ્યા છે તેથી ઇર્ષ્યા ગુપ્ત, અવ્યક્ત છે જ્યારે નિંદા વ્યક્ત છે એટલે કે ઇર્ષ્યા જોઈ શકાતી નથી જ્યારે નિંદા જોઈ શકાય છે, જાણી શકાય છે. એક રીતે જોવા જઈએ તો નિંદક આપણો હિતેચ્છુ કહેવાય કારણ કે તે આપણામાં રહેલા અવગુણો, દુર્ગુણોને શોધી કાઢવાનું કામ કરે છે કારણ કે તેનો જ નિંદક સભ્ય આપણને કહી જતો હોય છે કે 'તેઓ તમને આવું કહેતા હતાં' ત્યારે આપણને ખબર પડે કે 'મારામાં આવો અવગુણ છે.' આ રીતે આવાં નિંદકો ટપાલીનું પણ કામ કરતાં હોય છે. તેથી જ કહ્યું છે કે નિંદકને પાડોશી બનાવી લો.

કોઈની પણ નિંદા કરવી કે કોઈના અવગુણોનું ચિંતન કરવું એ પરચિંતન છે. પરચિંતન એ પતનની પાનખર છે. સ્વચિંતન એ ઉન્નતિની વસંત છે. કોઈની પ્રગતિ કે ઉન્નતિને બિરદાવીએ નહિ તો વાંધો નહિ પરંતુ તેની ઇર્ષ્યા તો કરવી જ નહિ કારણ કે ઇર્ષ્યાથી જ નિંદાના બીજનું વાવેતર શરૂ થઈ જાય છે. નિંદાના સૂક્ષ્મ વિકારોથી નિંદકનું મન તો પ્રદૂષિત થાય જ છે સાથે સાથે આસપાસનું વાતાવરણ પણ દૂષિત થાય છે.

કેટલાક આપણાં બ્રહ્મા વત્સો એટલે કે શિવબાબાના સંતાનોમાં પણ ઉપરોક્ત બે સૂક્ષ્મ વિકાર વધતા-ઓછા પ્રમાણમાં Merge થયેલા હોય છે કે જે સમય આવ્યે Emerge થતાં હોય છે. દેહ અભિમાનમાંથી ઉદ્‌ભવિત મોટાં પાંચ વિકાર તો જીતી લઈશું પરંતુ ઇર્ષ્યા અને નિંદા નામના સૂક્ષ્મ વિકાર હજુ પણ ક્યાંક ક્યાંક જોવા મળતાં હોય છે. ઇર્ષ્યા પ્રેરિત વ્યવહારથી જ ખ્યાલ આવી જતો હોય છે કે 'આ બ્રહ્મા વત્સમાં ઇર્ષ્યાનો સૂક્ષ્મ વિકાર છે.' બાબાએ જબરદસ્ત પરખ શક્તિ આપી છે. કોઈની સૂક્ષ્મમાં પણ નિંદા કે ઇર્ષ્યા કરવી તે પાપના ખાતામાં જમા થાય છે. તેથી Fallow father-mother. ઇર્ષ્યા કે નિંદા એ બ્રાહ્મણ જીવનની ઉન્નતિમાં અવરોધ બને છે. જ્યાં દિલનો સ્નેહ છે. ત્યાં જ પ્રશંસા છે. પ્રશંસા કરવી એટલે વાહ ! વાહ ! કરવી. ખુશામત કરવી તેવું નહિ. પ્રશંસા તો પરમાત્માને પણ પ્યારી છે. બાબા મુરલીમાં કહે છે ને કે 'વાહ! મેરે બચ્ચે વાહ!, વાહ! મેરે મીઠે મીઠે બચ્ચે વાહ!'

ઇર્ષ્યા એ અભિશાપ છે જ્યારે સ્નેહ એ વરદાન છે. નિંદા એ પાપ છે જ્યારે પ્રશંસા એ પુણ્ય છે. શું પસંદ કરશો ?

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 14નું અનુસંધાન)... વિજ્ઞાન અને**

આપી જીવનમાં તેને ચરિતાર્થ કરવાની. બ્રહ્માકુમારીઝના આંતરરાષ્ટ્રીય મુખ્યાલય તથા દેશ-વિદેશના સેવાકેન્દ્રો ઉપર પણ આધુનિક વૈજ્ઞાનિક ઉપકરણોનો પ્રયોગ લોકોમાં આધ્યાત્મિકતા પ્રત્યેની જાગૃતિ જગાડવા માટે બહોળા પ્રમાણમાં કરવામાં આવે છે.

**॥ ઓમશાંતિ ॥**

# ડમી અને ઉધમી

## બ્ર.કુ. અનિલ, સુરત

ડમી એટવે ખાલી દેખાવ કે ગણવા પૂરતું - અવેજી. ડમી એટલે ખરેખરું નહીં એવું. પત્તાની રમત રમનાર જાણે છે કે ડમી પાનું પણ હોય છે. તેવી જ રીતે ચૂંટણીમાં પણ ડમી વ્યક્તિનું ફોર્મ ભરવામાં આવે છે. આ ધરતી પર જન્મ પામ્યા પછી આપણે આપણું સાચું અસ્તિત્વ ભૂલી જઈએ છીએ. આખી જિંદગી 'ડમી' તરીકે જીવીએ છીએ. શૂન્ય વ્યક્તિ તરીકે જીવવાની આપણને આદત પડી ગઈ છે. અર્થાત્ આળસ જે છઠ્ઠો વિકાર છે. જે ભારોભાર આપણી ઓળખાણ આપે છે. આળસ એ માનવ ઉન્નતિના પથમાં અવરોધરૂપ મહાન શત્રુ છે. આળસ એ માનવના સુંદર ચહેરા ઉપર થયેલા ખીલ જેવી છે.

ઉધમી એટલે મહેનતુ, પરિશ્રમ કરનાર. ઉધમ એ જીવનની પૂજા છે. ધરતી પણ ત્યારે જ અનાજ આપે છે જ્યારે ખેડૂત ઉધમ કરે છે. ઉધમ એટલે કમનની મહેનત નહીં. ઉધમ એટલે વેઠ ઉતારવી એમ નહીં. ઉધમ એટલે સ્વઈચ્છાએ સ્વીકારેલો મહેનતનો સાચો માર્ગ. પ્રમાણિકતા અને પરિશ્રમને નિકટનો સંબંધ છે. પરસેવાનો રોટલો મીઠો હોય છે એમ કહ્યું છે તે ખોટું નથી. આપણે કેવા અક્ષરો આંકીએ છીએ એના પરથી જ જીવનનું પુસ્તક લખાય છે. કોઈપણ ક્ષેત્રમાં પ્રગતિ કરવી હોય તો પરિશ્રમની પૂજા કર્યા વગર તે થતી નથી. ઉધમથી જ માનવીના મનોરથો પૂર્ણ થાય છે અને કાર્યમાં સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

ડમી અર્થાત્ આળસુ માનવી મહદ અંશે સરળતાથી વગર મહેનતે સુખ પ્રાપ્તિના સાધનો શોધતો હોય છે. જીવનને જે લોકો જુગાર માને છે તે લોકો પ્રારંભથી જ દિશા ભૂલ્યા હોય છે. ઉંદર માનવને જે સિફતથી કરડે છે તેવી ગતિ વિધિ માણસને આળસ કરાવે છે. આ ઘણી સૂક્ષ્મ અને ગંભીર વાત છે. માનવી ધીરે-ધીરે આળસની આંધીમાં ફંગોળાતો જાય છે.

કોઈ કામ તમે સોંપો તો ડમી - આળસુ માણસ એમ કહેશે કે 'સારું વિચારીશું', 'કરી દઈશું.' 'કાલથી કરીશું.' 'આ કામ પૂરું કરીને તમારું કામ કરીશું.' આવા વિચારો પણ આળસના વિવિધ રૂપો છે. શ્રમ પ્રત્યે સૂગ રાખનારા માનવીઓ કદાચ નાનકડી સિદ્ધિ મેળવી જતા હશે પણ સિદ્ધિના શિખર આળસુ માનવી કદી સર કરી શકતા નથી.

પરિશ્રમ જ જેને મન પૂજા છે એ પેલા કરોળિયાની જેમ સાત-સાત વાર પડવા છતાં ઉપર ચડવાનો પ્રયત્ન કર્યા કરે છે ત્યારે જ સફળતાને વર્યો. જિંદગી અનેક સફળતાનો સરવાળો નથી, જિંદગી તો અનેક નિષ્ફળતાઓની હારમાળા છે. જો ઉધમી માણસ પ્રયત્નમાંથી પાછો પડે. શ્રમ પ્રત્યે સૂગ રાખે. કામથી આળસી જાય તો એ નિષ્ફળતાને સફળતાની સરહદમાં લાવી ન શકે. મહેનત કસ માનવી પરસેવાથી લજાતો નથી, કામથી ડરતો નથી. શ્રમ કરનાર માનવી જ આરામનો આનંદ ઉઠાવી શકે છે. આળસુ માણસ એ આનંદના આ સ્વાદથી યોજનો દૂર રહે છે.

ડમી-આળસુ માણસ આળસમાં ને આળસમાં આયુષ્યને ઓગાળતો જાય છે અને ઈશ્વર સાથેના અભિન્ન તત્ત્વને ભૂલતો જાય છે. આપણામાં રહેલો ડમી આપણને દંભ કરતા શીખવે છે. એક સૂર્યોદયથી બીજા સૂર્યોદય સુધીના સમયમાં એકાદવાર પણ જો આપણને યાદ આવી

જાય કે આપણે મનુષ્ય છીએ. ઈશ્વરે મોકલેલા 'જૂઠા પ્રતિનિધિઓ નથી. તો પછી 'ડમી-આળસ'ની હત્યા કરવામાં આપણે પાપ નહીં માનીએ.' હૃદયના ધબકારા આપણે ક્ષણે-ક્ષણ ચૂકી જઈએ છીએ અને જૂઠી ઉથલપાથલમાં જીવનનો આનંદ માનીએ છીએ.

પ્રારબ્ધ પણ પરિશ્રમ કરનારની પાસે જ જાય છે. પણ પરિશ્રમ કરનાર ઉધમી માનવી પ્રારબ્ધની પાછળ નિરર્થક દોડતો નથી, કારણ કે તેને પોતાના પરિશ્રમના બળમાં વિશ્વાસ છે, પ્રગતિમાં અને મનનાં ઉંડાણમાં શ્રદ્ધા છે. એ પોતાના પ્રસ્વેદમાં પ્રભુને જુએ છે. સંતોષ એનો શ્વાસ છે, અને શરીર એનું સાધન છે.

ડમી-આળસુ માનવી જ્યાં સ્વાર્થ સરી જતો લાગે ત્યાં શેતાનની સંગત કરી લે છે. કારણ કે ડમીની પોતાની કોઈ શક્તિ હોતી નથી. ડમીને કોઈ મન હોતું નથી, ડમીને કોઈ હૃદય હોતું નથી. એક ડમી બીજા ડમીનો જ સહચાર શોધે છે એટલે અપૂર્ણ અને અપૂર્ણનો સરવાળો અપૂર્ણ જ થાય છે અને આખું આયુષ્ય ડમી તરીકે આળસ સાથે સમાપ્ત થાય છે.

જ્યારે ઉધમી - પરિશ્રમશીલ માનવી જ બુદ્ધિ અને હૃદયના અશ્વ પર સવારી કરી જીવનના રથને વિજયના પંથે દોડાવી શકે છે.

મિત્રો, આપણે પણ કામ, ક્રોધ, લોભ, મોહ અને અહંકાર એ પાંચ વિકારો પછી છઠ્ઠો વિકાર આળસને પણ એક પરમપિતા શિવ પરમાત્માની યાદમાં રહી વિકારોમાંથી મુક્ત થઈએ અને જે સાચી સુખ-શાંતિ આપણે ઈચ્છીએ છીએ એનો અનુભવ કરીએ. સાથે-સાથે આપણા પરિવારને પણ આવો આત્મિક અનુભવ કરાવવા પ્રેરણાસ્ત્રોત બનીએ એવી શુભકામના સાથે...

**॥ ઓમશાંતિ ॥**

**(પેજ નં. 11નું અનુસંધાન)....પ્રસન્નતાના પથ**

થઈ ગયા કેમ કે આપણે શક્તિશાળી સકારાત્મક સંકલ્પ કર્યા, પણ એનો વ્યવહારીક ફાયદો શું થયો કે તમે થોડા સમય સાથે બેસી મન માટે જે વિચાર કરો છો. સકારાત્મક શક્તિશાળી સંકલ્પ આ રીતે નિર્મિત કરીએ તો એનો ફાયદો ફક્ત એટલી વાર માટે નથી રહેતો પણ જ્યારે પણ તમારી સામે કોઈ પરિસ્થિતિ આવી કે તમે ઓફિસમાં લોકો સાથે સંપર્કમાં આવ્યા ત્યારે પણ તે કામ કરે છે. તમને મુશ્કેલીઓથી બચાવે છે.

**॥ ઓમશાંતિ ॥**

**અનુ. બ્ર.કુ. રમેશ, ભાવનગર**

**(પેજ નં. 12નું અનુસંધાન)... કર્મ મારા સાથી**

કર્મેન્દ્રિયો દ્વારા જે કાંઈ અભિવ્યક્ત કરશે, જેને આપણે કર્મ કહીએ છીએ, એ સ્વાભાવિક જ શુદ્ધ હોવાનું. આવા શુદ્ધ કર્મ - સત્કર્મોનું સામૂહિક બળ આપણે વધારવું જોઈએ. એના માટે વધુ ને વધુ શુદ્ધ આત્માઓના સંગઠનો તૈયાર કરવા જોઈએ. વેદોમાં પણ લખ્યું છે કે કર્મ શુદ્ધિ વગર વેદ પણ કાંઈ કરી શકતા નથી. માટે ચાલો, આપણે સૌ સ્વયંશુદ્ધિ કરીએ અને શુદ્ધ આત્માઓનાં સંગઠનો વધારીએ, વધુ મજબૂત બનાવીએ. જેથી કર્મ આપણા સાચા સાથી બને અને અંતે પ્રભુપિતાની અંતિમ કોર્ટમાં આપણા પોતાના જીવન કેસને જીતવામાં સહજતા રહે.

**॥ ઓમશાંતિ ॥**

# માયાની કાતિલ બોલીંગ સામે છટાદાર છક્કો ?

બ્ર.કુ. કિશોર મહેતા, ધોરાજી.

કલિયુગમાં મનુષ્ય જીવન કોડીની કિંમતનું બની જાય છે. પરંતુ શાણો માણસ શાણપણ દાખવીને આ કોડીની કિંમતના જીવનને હીરા સમાન બનાવી દે છે. એ છે પ્રખર પુરુષાર્થનું પરિણામ.

કહેવાય છે કે સારા કામમાં સો વિઘ્ન. તે મુજબ અદેખી માયા પ્રખર પુરુષાર્થીના પુરુષાર્થ પથ પર પાણા નાખે છે. પરંતુ નિષ્ઠાવાન મનુષ્ય ગમે તેવી મુશ્કેલીના ચૂરેચૂરા કરીને આગળ વધે જ છે.

કલિયુગના અંતે માયાનું જોર ચરમસીમાએ હોય છે. આપણે આગળ વધવા માગીએ તેમ માયા પ્રગતિમાં અવરોધક બને છે. આમ છતાં પ્રખર પુરુષાર્થી માયાની વેધક બોલીંગ સામે કેવો છટાદાર છક્કો મારીને પોતાનું કોડી સમાન જીવન હીરા તુલ્ય બનાવી લે છે તે જોઈએ.

પહેલો પુરુષાર્થ છે - ભોજનની પરેજી પાળવાનો. ઈશ્વરની યાદમાં રહીને જ ભોજન બનાવવાનું... આવું ભોજન ઈશ્વરની યાદમાં રહીને જ આરોગવું. આ નિયમનું પાલન ન કરવા દેવા માયા રઘવાઈ થાય છે. અને હેરાન કરવા માટે વિચિત્ર સંજોગો ઊભા કરે છે. જેથી આ પરેજી પાળવાનું મુશ્કેલ બની જાય. આમ છતાં પ્રખર પુરુષાર્થી ક્યાંય પણ આડું અવળું ધ્યાન ન કરતાં એકાગ્રતાથી ઈશ્વરની યાદમાં ભોજન બનાવે છે અને સ્વીકારે છે!

બીજો પુરુષાર્થ છે - ઈશ્વરીય પરિવારના કોઈ ભાઈ કે બહેન લાચારીને કારણે પ્રભુ યાદ ન કરી શકે તેને 'શિવબાબા યાદ છે ?' 'સ્વર્ગનો વારસો યાદ છે ?' એવા મીઠાશભર્યા સવાલથી તે લાચાર વ્યક્તિને જીવનદાન આપવાનો. આથી પ્રભુની વિસ્મૃતિથી તેની થતી બરબાદી અટકી જાય છે અને આ સ્મૃતિ આપનારનો અંતરથી આભાર માને છે કે જીવનને બરબાદ થતું બચાવ્યું. માયાના મોંમા જતા ઉગાર્યા ! તેથી આવી સાવધાની કોઈને આપવાનો પુરુષાર્થ કરવા જેવો છે. કેમ કે તે આપણને તેની દૂઆ અપાવે છે. પરંતુ આ પુરુષાર્થમાં માયા આળસ સ્વરૂપે આવી વિઘ્ન નાંખે છે... પુરુષાર્થી આળસ ખંખેરી દૂઆની કમાણી કરી લે છે !

ત્રીજો પુરુષાર્થ છે - કોઈ પણ વિકર્મ અર્થાત્ પાપ ન જ કરવું... આ બાબતમાં પ્રખર પુરુષાર્થી રૂસ્તમ જેવો દૃઢ સંકલ્પધારી બને છે તો માયા પણ રૂસ્તમ સ્વરૂપે આવીને એવી તો પાછળ પડી જાય છે કે આપણે ન ચેતી જઈએ તો ડગલે ને પગલે પાપના ખાડામાં નાખવા તત્પર બને છે. પરંતુ પ્રખર પુરુષાર્થી પરમાત્મ ચિંતન રૂપી બ્રહ્માસ્ત્રથી માયાનું આક્રમણ નિષ્ફળ બનાવે છે. માયા પ્રભુ સ્મૃતિમાં રહેલ પ્રખર પુરુષાર્થીની પ્રતિભાથી અંજાઈને ઊભી પૂંછડીએ ભાગે છે તેથી વિકર્મ થતું અટકી જાય છે !

ચોથો પુરુષાર્થ છે - ફાલતુ વાત કરનારાના સંગથી પોતાની સંભાળ કરવી અને પારકી પંચાતથી બચવું. પ્રખર પુરુષાર્થી આ માટે પોતાની દિનચર્યા માત્ર સ્થૂળ કાર્યો માટે જ ન ઘડતાં પોતાના મન બુદ્ધિને યોગયુક્ત કે વિચાર સાગર મંથનના કાર્યક્રમમાં વ્યસ્ત રાખે છે જેથી ફાલતુ વાતો માટે સમય જ નથી મળતો પરિણામે પારકી પંચાતમાંથી બચી જવાય છે... આ રીતે સમય વ્યર્થ બરબાદ ન થતાં સફળ થાય છે.

પાંચમો પુરુષાર્થ છે કોઈ પણ દેહધારીમાં પોતાની બુદ્ધિની આસક્તિ ન રાખવી અને કોઈ દેહધારીમાં ફસાવું નહીં. માયા વિઘ્ન નાખવા સૌ પ્રથમ બુદ્ધિ ઉપર જ આક્રમણ કરીને બુદ્ધિને બગાડી નાખે છે. બુદ્ધિ બગડે એટલે ખોટા નિર્ણય લેવાય. જેથી પ્રગતિકૂચ અટકી જાય. આ સામેનો પુરુષાર્થ છે. આત્મિક સ્થિતિમાં રહી આત્મિક દૃષ્ટિથી કોઈના દેહમાં તો શું પોતાના દેહમાં પણ ન ફસાવું. જેથી દેહાભિમાન ન રહે. શુદ્ધ આત્મ અભિમાનની ગૌરવવંતી સ્થિતિમાં રહેવું. આત્મ ચિંતન કરતાં સમજાય છે કે આ દેહ ક્યાં આપણો છે ? તે શિવબાબાના યજ્ઞમાં આપી દીધેલ છે. આ પ્રમાણે દેહમાં ફસાવાથી બચી જવાય છે. બુદ્ધિથી શિવબાબાને શરણે જવાથી પ્રખર પુરુષાર્થી યોગ-સાધનામાં એક્કો બની જઈ યોગયુક્ત એવો તો બની જાય છે કે માયા તેને ફાટી આંખે જોઈ રહે છે !

છઠ્ઠો પુરુષાર્થ છે - ડગલે ને પગલે અવિનાશી સર્જનનો અભિપ્રાય લેવો અને પોતાની બીમારી અવિનાશી સર્જન (શિવબાબા)થી જરાય ન છૂપાવવી.

આત્માની બીમારી છૂપાવવાથી તે વધે છે અને બીમાર આત્માની પ્રગતિ રૂંધાય છે. તેથી જ્ઞાન ઈંજેક્શન પ્રખર પુરુષાર્થી ક્યારેય ન ચૂકતાં રોજ લે છે. યોગની શક્તિથી પવિત્રતાનું બળ વધારે છે. આ ઈશ્વરીય જ્ઞાન બળ અને યોગબળ તથા પવિત્રતાના બળ સામે માયાની કારી ફાવતી નથી. જ્ઞાન યોગથી ગુણ અને શક્તિઓનો શસ્ત્ર સરંજામ એવો તો સજ્જ થઈ જાય છે કે માયાનો સામનો સહેજે કરી શકાય છે. આ રીતે માયાની કાતિલ બોલીંગ સામે પ્રખર પુરુષાર્થી છટાદાર છક્કો એવો તો ફટકારે છે કે માયા એ છક્કો જોતાં હેરત પામી જાય છે ! એટલું જ નહિ પણ પ્રખર પુરુષાર્થીના આવા અફલાતુન બેટીંગથી માયા તેને નમન કરે છે !!!

આ રીતે પ્રખર પુરુષાર્થી માયાની ખતરનાક બોલીંગ સામે છટાદાર છક્કાની મદદથી પોતાનું કોડી સમાન કલિયુગી જીવન હીરા સમાન બનાવી દેવામાં જ્વલંત સફળતા મેળવે છે. આવા હીરા સમાન જીવન જીવી રહેલ પ્રત્યેક બ્રહ્માકુમાર અને બ્રહ્માકુમારીને ઈશ્વરીય અભિનંદનના ફૂલડેથી વધાવતાં ગૌરવની લાગણી અનુભવે છે.

॥ ઓમશાંતિ ॥

---

- **સાધનોને આધાર બનાવવાને બદલે પોતાની સાધનાના આધારથી સાધનોને કાર્યમાં જોડો. કોઈપણ સાધનને ઉન્નતિનો આધાર બનાવશો નહીં. નહીં તો આધાર હલવાની સાથે ઉમંગ-ઉત્સાહ હલી જશે. કારણ કે સાધનને આધાર બનાવવાથી બાપ વચ્ચેથી નીકળી જાય છે. એટલે હલચલ થાય છે. સાધનોની સાથે સાધના હોય તો દરેક કાર્યમાં બાપના આશીર્વાદનો અનુભવ કરશો. ઉમંગ-ઉત્સાહ ઘટશે નહીં.**

---

- **જ્યાં એકતા અને એકાગ્રતાની શક્તિ છે ત્યાં સફળતા સહજ પ્રાપ્ત થાય છે.**
- **મનનશક્તિના અનુભવી બનો તો જ્ઞાનધન વધતું જશે.**
- **બાપ અને ઈશ્વરીય પરિવાર સાથે જિગરી પ્રેમ હશે તો સફળતા મળતી રહેશે.**
- **જેની પાસે ગંભીરતાની વિશેષતા છે એને દરેક કાર્યમાં સ્વાભાવિક સિદ્ધિ પ્રાપ્ત થાય છે.**
- **બાપના ઉપર બલિહાર જવાનો હાર પહેરી લો તો માયાથી કદી હાર થશે નહીં.**

# રાજયોગ

બ્ર.કુ. કુંવરસિંહ પરમાર, મહાદેવપુરા (પ્રાંતિજ)

રાજયોગ દ્વારા આત્મા સાથે પરમાત્માના મિલનની અનુભૂતિથી જીવનમાં અતીન્દ્રિય સુખ પ્રાપ્ત થાય છે. બાપદાદાએ બાળકોને કોઈ કષ્ટદાયક યોગ નહિ, પરંતુ સહજ રાજયોગરૂપી રતન આપ્યું છે.

પરંતુ રાજયોગની અસરકારક અનુભૂતિ માટે સાધકે બાપદાદાની શ્રીમત પ્રમાણે પોતાના જીવનમાં આચરણ કરવાનું હોય છે. જેમાં તન અને મનની પવિત્રતા એ પહેલું સોપાન છે. બ્રહ્મચર્ય પાલનના અનેક ફાયદા છે. કામ મહાશત્રુ છે. જેનાથી આત્મા નિર્બળ બને છે. પવિત્રતા એ મોટામાં મોટો સદ્‌ગુણ છે. યોગમાર્ગી માટે ભોગ વિલાસવૃત્તિનો ત્યાગ જરૂરી છે. કામ જીતવાથી બધા જ વિકારો ઉપર જીત મેળવી શકાય છે. રાજયોગના અભ્યાસથી આ કાર્ય સહેલું થઈ પડે છે. ધ્યાન અને યોગ દ્વારા ઈશ્વરીય આજ્ઞાનું પાલન કરનારા હજારો બ્રહ્માવત્સો આજે સંપૂર્ણ બ્રહ્મચારી જીવન જીવી રહ્યા છે. ટૂંકમાં બ્રહ્મચર્ય એ પરમાત્મા સમીપ જવાનું સૌથી શ્રેષ્ઠ સાધન છે.

વળી યોગ સાધકે ખાન-પાન ઉપર પણ પૂરતી કાળજી રાખવાની છે. વિકારોનું મૂળ મનમાં રહ્યું છે, એટલે કહેવાય છે. કે **જેવું અન્ન તેવું મન.** ભોજનના ત્રણ પ્રકાર છે. **(1) સાત્ત્વિક (2) રાજસિક અને (3) તામસિક**, જે પૈકી યોગ કરનારે હંમેશા સાત્ત્વિક ભોજન જ લેવું જોઈએ. તેમજ માંસ, મચ્છી, દારૂ, લસણ, ડુંગળી, જેવા તામસિક આહારથી દૂર રહેવું જોઈએ. વળી પવિત્ર અને સંસ્કારી વ્યક્તિએ તૈયાર કરેલ ભોજન જ લેવા જોઈએ. કેમ કે ભોજન બનાવનારના સંસ્કારો જે ભોજન ખાનારના મનને પ્રભાવિત કરે છે. ભોગીના હાથે બનાવેલ ભોજન કે બજારૂ વાનગીઓ યોગ કરનારા કદી ખાતા નથી અને ખોરાક લેવામાં પૂરો સંયમ પાળે છે.

જ્ઞાન અને યોગ માણસને દૈવી ગુણોવાળા બનાવે છે. મન શાંત રહે છે. દરેક પ્રત્યે આત્મિક દ્રષ્ટિ કેળવતાં સકારાત્મક ગુણ કેળવાય છે. આમ, અગ્નિરૂપી યોગથી વિકારો ભસ્મીભૂત થઈને નાશ પામે છે અને આત્મા કર્મબંધનથી મુક્તિ પામે છે. વહેલી પરોઢના અમૃતવેળાના નિયમિત યોગથી જીવન પરમાત્મામય બને છે. જેથી મૃત્યુનો પણ ભય રહેતો નથી. રાજયોગથી જીવનમાં સાદગી, મીઠાશ, ધીરજ, સહનશીલતા, સંતોષ, મધુરતા, કરુણા અને ઉદારતા જેવા ગુણો આવે છે.

આજકાલ સત્સંગો ઘણા થાય છે. પણ પરમાત્મા સાથે મિલન કોઈ કરાવતું નથી. એક માત્ર બ્રહ્માકુમારીઝ પ્રેરીત જ્ઞાન યોગથી જ મનુષ્ય આત્માનું કલ્યાણ થાય છે. જીવનમાં શાશ્વત સુખની પ્રાપ્તિ થાય છે. ગૃહસ્થ જીવનમાં રહીને બુદ્ધિયોગ પરમાત્મામાં લીન રહે છે. એવી સ્થિતિને પામવાનું બળ એક માત્ર રાજયોગ દ્વારા પ્રાપ્ત થાય છે. શિવ પિતા પરમાત્માનું જેના મનમાં સતત ચિંતન હોય એ આત્મિક અવસ્થા પામે છે. મન તથા બુદ્ધિ સ્થિર થાય છે. આવી અવસ્થાને પવનના અભાવમાં દીપકની સ્થિર જ્યોત સાથે સરખાવી શકાય. યોગી જીવન એ શ્રેષ્ઠ જીવન છે. રાજયોગી આત્માને ત્રણેય કાળનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. આમ, રાજયોગનો મહિમા અનેરો છે.

**॥ ઓમશાંતિ ॥**

# સળીનાં સાંબેલા કેમ થયાં

બ્ર.કુ. ડૉ. વિઠ્ઠલભાઈ રીઝીયા, લાઠી

એક ભાઈની સાથે સામાન્ય ચર્ચા ચાલી. તેમણે મને કહ્યું... તમે લોકો કહો છો કે રામ અને કૃષ્ણ જન્મમાં પહેલા કૃષ્ણ થયા અને પછી રામ. એમ કેમ બની શકે. જવાબમાં મેં કહ્યું, 'રામ કયા યુગમાં થયા તે તમે કળી શકશો ?' તેમણે ફડાકો મારીને કહ્યું, 'કેમ નહીં આખુ જગત જાણે છે કે રામ ત્રેતાયુગમાં થયેલા.'

'બરાબર છે ભાઈજી! હવે એ કહેશો કે સાયકલમાં સતયુગ, ત્રેતાયુગ અને દ્વાપર, કળીયુગમાં પહેલાં કયો યુગ આવે ?' 'અરે ભાઈ ! તમે બોલી તો ગયા કે સતયુગ - ત્રેતાયુગ... પછી દ્વાપર - કળીયુગ.'

'જો પ્રથમ સતયુગ આવતો હોય કે જેમાં કૃષ્ણ થયા અને પછી ત્રેતાયુગ આવતો હોય કે જેમાં રામ થયા. તો પ્રથમ કોણ થયા તે ન સમજી શકાય ?'

માળુ વાતતો બરાબર છે પરંતુ આખુ જગત માને છે કે પ્રથમ રામ અને પછી કૃષ્ણ થયા તેનું શું?

'જો ભાઈ ! જગત ખાલી સાંભળેલી વાતો કરે છે તેને ઘડીભર બાજુ પર છોડો. હું તમને એક બીજો પુરાવો આપું, સાંભળો. રામે અશ્વમેઘ યજ્ઞ કરીને અશ્વને છૂટો મૂક્યો અને અશ્વની પાછળ શત્રુઘ્ન વગેરે ચાલ્યા. હવે યજ્ઞના નિયમ મુજબ જે કોઈ તે ઘોડાને બાંધે તો રાજા તેની સાથે લડાઈ કરે.'

'શત્રુઘ્નના યજ્ઞનો ઘોડો એક ગામ પાસેથી પસાર થતાં તેના રાજાએ ઘોડાને બાંધ્યો. જેથી શત્રુઘ્ન - લવ-કુશ વગેરેને તેની સાથે લડાઈ થઈ. તેઓએ તે ગામ જીતી લીધું. પછી ગામ લોકોને પૂછ્યું કે આ ગામનું શું છે ? જવાબ મળ્યો કે આ ગામનું નામ કુંડલપુર છે. ત્યારે શત્રુઘ્નએ વિશેષ જાણવા માટે પૂછ્યું કે ગામનું નામ કુંડલપુર કેમ પડેલું ?

ત્યારે ગામના ગલઢેરાઓએ જણાવ્યું કે અગાઉ એક વખત દાનેશ્વરી કર્ણ અહીં આવી ચઢેલા એ વખતે આ ગામના એક ગરીબ બ્રાહ્મણે પોતાની પુત્રીના લગ્ન માટે કર્ણ પાસે દાન માંગ્યું. હવે કર્ણ એ એના નિયમ મુજબ કોઈ દાન માગે તેને આપવું પડે. પરંતુ એ વખતે કર્ણ પાસે કંઈ ન હતું. એ દ્વિધામાં હતો ત્યાં તેને પોતે કાનમાં પહેરેલા કુંડલ યાદ આવ્યા. અને કર્ણએ તરત જ એ કુંડલ ઉતારીને બ્રાહ્મણને દાનમાં આપી દીધા. કર્ણએ આપેલા કુંડલની ઘટના પરથી પછીથી આ ગામનું નામ કુંડલપુર પડેલું.

અને કર્ણ કૃષ્ણના વખતમાં થયા. અને રામના યજ્ઞનો ઘોડો આજે ફરે છે. તેથી ચોક્કસપણે એમ કહી શકાય કે રામની પહેલા કૃષ્ણ થયાં હોવા જોઈએ.'

'તમારી વાત મને તો ઠીક લાગે છે પરંતુ લોકો કેમ માનશે ?'

'ભાઈજી ! લોકોને આજે નહીં તો કાલે માનવું પડશે. કદાચ તમારા સંતોષ ખાતર એક વિશેષ વાત કહું તો. સૃષ્ટિના સર્જનકાળથી સૃષ્ટિચક્ર અવિરામ ફરતુ રહે છે. અને દરેક ચક્ર હુબહુ પૂનરાવર્તન પામે છે. એટલે કે સતયુગ - ત્રેતા - દ્વાપર - કળીયુગ દરેક ચક્રમાં આવે છે અને રામ-કૃષ્ણના જન્મો થતા રહે છે.

કદાચ... કદાચ આગલા ચક્રના ત્રેતાયુગમાં

રામ થયા હોય અને તેના પહેલા સતયુગમાં થયેલા કૃષ્ણની સમાજને વિસ્મૃતિ થઈ હોય. અને પછી નવા બદલાયેલા ચક્રમાં સતયુગમાં કૃષ્ણ જન્મ થાય તેની નોંધ લેવાઈ હોય અને લોકો તેની ટૂંકી યાદદાસ્તમાં કહેતા ફરે કે જુઓ જુઓ પહેલા રામ થયા અને પછી કૃષ્ણ થયાને ? ચક્ર બદલાયાનો ભેદ તેમની સ્મૃતિમાં રહેવા ન પામ્યો હોય.

આમ હકીકત ગમે તે હોય પરંતુ રામનું અવતાર કાર્ય રામે કર્યું છે અને કૃષ્ણનું અવતાર કાર્ય કૃષ્ણએ કર્યું છે તેમાં કોઈ અંતર નથી.

શ્રીમત ભાગવત ગીતામાં ખુદ પરમાત્માએ સ્પષ્ટ બતાવ્યું કે હું અજન્મા છું. અજર છું. અમર છું. અભોક્તા છું છતાં જન્મ લેનાર. મૃત્યુ પામનાર. ભોજન સ્વીકારનાર કૃષ્ણને લોકોએ ગીતાના ભગવાન સમજી લીધા છે. તે મહાક્ષતિ પણ સમય આવ્યે સમાજે સુધારવી પડશે.

આ સમાજમાં વિચાર્યા વિના ચકાસ્યા વિના એક સળીમાંથી સાંબેલા થયા છે જુઓને...

એક વૃદ્ધ બાપાને ચાર દીકરા, બધા દીકરા વરી-પરણી ગયેલા. બાપા દરરોજ જમીને ઉભા થાય એટલે દાંત સાફ કરવા એક સળી માંગે. તેથી બાપાની થાળી પીરસનાર સૌથી મોટા વહુએ વિચાર્યું કે બાપાની ભોજનની થાળીમાં એક સળી મૂકી જ દેવી જેથી દરરોજ બાપા એ સળી માંગવી ન પડે અને આપણે આપવી ન પડે અને એ ક્રમ શરૂ થયો.

પરંતુ ત્રણચાર મહિના પછી મોટી વહુને બહારગામ જવાનું થતા બીજા નંબરના પુત્રવધુએ થાળી પીરસવાની આવી. પરંતુ તેણે વિચાર્યું કે આ પરિવારમાં ભોજનની થાળીમાં કંઈક મૂકવાનો શિરસ્તો ચાલ્યો આવતો હશે તેમ સમજી તેણે બાપાની થાળીમાં ભોજન સાથે દાતણ મૂક્યું. બાપાએ પણ સ્પષ્ટતા ન કરી.

વળી ત્રણ ચાર મહિના બાદ બીજા નંબરની વહુને પણ બહાર જવાનું થતાં ત્રીજા નંબરના પુત્રવધુનો થાળી પીરસવાનો વારો આવ્યો. તેણે પણ એક ચીલો નિભાવવાના ખ્યાલથી બાપાની ભોજનની થાળીમાં વેલણ મૂક્યું. બાપાએ આશ્ચર્ય અનુભવ્યું પરતું કોઈ સ્પષ્ટતા ન કરી.

અને બન્યું એવું કે ત્રીજાનંબરની વહુને પણ બહારગામ જવાનું થતાં ચોથા પુત્રવધુને થાળી પીરસવાની આવી. તેઓ થોડું ભણેલા હતાં તેણે વિચાર્યું કે નાનામાંથી થોડું મોટું મૂકાય છે. લાવ હું એવું મૂકું કે પછી ફેરવણી જ ન રહે. અને તેણે સાંબેલું મૂક્યું.

સમજાય છે કાંઈ ? આ સમાજમાં આમજ કંઈ સમજ્યા કારવ્યા વિનાના સળીમાંથી સાંબેલા થયા છે. રજમાંથી ગજ થયું છે. ચકલીમાંથી મોરલા ઉડાડ્યા છે.

પરંતુ હવે સમગ્ર વિશ્વ અંતિમ તબક્કામાં જઈ ઉભું છે ત્યારે ભૂલવાળાઓને એની ભૂલ ભૂલામણીની દુનિયામાં અટવાવાનું થશે. જ્યારે અભૂલ વર્ગ પોતાની વાસ્તવિક સુખ-શાંતિમાં રાચતો હશે. ભૂલવાળાને તેની ભૂલો તેની સામે તરવા માંડશે. પરંતુ તેમાંથી ઉગરવા માટેની કોઈ તક નહીં હોય. ઘણું મોડું થયું હશે.

**॥ ઓમશાંતિ ॥**

## GGRCના આંગણેથી...

# કવિતા

### બ્ર.કુ. અરૂણભાઈ, પોરબંદર

અમારા આ GGRCના ગામે,
એક વગડાઉ ભૂમિ, સુંદર અને મનોહર બની, ઘેઘૂર વડલાઓની લાંબી લાંબી વડવાઈ લાગી..
મોરલાઓના ટહુકા અહીં સંભળાય ચારે કોર,
કુદરતી ઉછળતી નદી આવી છે તેની ડાબી કોર.
રોજ-રોજ અહીં સૂરજના સોનેરી કિરણો આવે, પ્રકૃતિના તત્ત્વો અહીં સુખ-શાંતિ આપે..
સતત ને સહજ અહીં બાબાનું સ્મરણ આવશે. દેશ-વિદેશના મહેમાનોનું અહીં વૃંદ આવશે..
બ્રહ્માકુમાર-કુમારીઓના મિલનની મળશે અહીં મહેફિલ,
જ્યાં જુઓ ત્યાં બસ બધાં બાબાનાં સંતાનો હશે..
એવી ક્યાં ખબર હતી કે જીવનમાં આવું સુંદર સ્થાન મળશે,
બ્રાહ્મણોને જ્યાં તપસ્યા અને સેવાનો ડબલ ચાન્સ મળશે..
ફૂલ-ગુલાબ સુગંધિત અને ભાવતાં શાકભાજી તાજા-તાજા હશે ત્યાં,
બ્રાહ્મણોને જોઈતી વસ્તુઓ મળશે જ્યાં તમામ..
જ્યાં પવિત્ર બ્રાહ્મણો સદાય સેવારત હશે, સુખ-સુવિધા અને શાંતિની જ્યાં ખાણ હશે...
શહેરથી અલભ્ય એવી મનની શાંતિ જ્યાં ગળાનો હાર છે,
એક એવું સુંદર આ ગામ છે અમારું GGRC...
થશે જ્યાં સ્નેહમિલન અને સંમેલનો, એવું ઓડીટોરીયમ આલિશાન બનશે,
ભાગ્યશાળી બનશે અહીંના સૌ નિવાસીઓ, બાબાના શરણમાં સૌ સદા અહીં રહેશે...
એવું અમારું GGRCનું ઘર, એક અનેરું અને અનોખું બનશે સ્થાન...
સર્જનહાર બાબાએ દિવ્ય સંકલ્પ આપ્યો, એવું કરો સર્જન કે દંગ થઈ જાયે આખો બ્રાહ્મણ પરિવાર.
ખંત લીધી કીડીઓથી, નીરથી લીધી નિર્મળતા, એવી આ અવનવી ખોજ કરી, દેવને દુર્લભ શોધ્યો,
સૌ માટેનો અનોખો આ વિરામ... એવું અમારું GGRCનું ગામ...

॥ ઓમશાતિ ॥

ગુજરાત ગ્લોબલ રીટ્રીટ સેન્ટરમાં નિવાસ સ્થાન ઈચ્છતાં બી.કે. ભાઈ-બહેનો સંપર્ક કરી શકે છે.
ડૉ. મુકેશભાઈ - 81411 46444, વિનુભાઈ - 98796 12187
Email : divineggrc@gmail.com | Website : www.divineggrc.com

# વિચારવિહાર

## બી.કે. નીતાબેન, પાટણ

**‘દેહ માટીનો લઈ ચાલ્યા છો તો,**
**રાહમાં આગળ સમંદર આવશે.’**

સૂર્યનો ઉદય થાય છે. એ જ સિદ્ધ કરે છે. અસ્ત પણ થવાનો છે. વસંતમાં જ પાનખરના આગમનના ભણકારા. પૂનમ એટલે જ અમાસની આમંત્રણ પત્રિકા. કાગળમાં જ પસ્તીની ભૂમિકા. મકાનમાં જ ખંડીયેરનો જન્મ, યુવાનીમાં જ વૃદ્ધાવસ્થાનું દર્શન. શરીરના જન્મમાં જ એના મોતનો જન્મ.

દેહનું મૂળ પોત માટીનું, માટીની સલામતી કેટલી ? તૂટી જવું. લટકી જવું. ઓગળી જવું એ જ એની નિયતી. હાથમાંથી માટીનું ઢેફું પડે એ તૂટી જાય. માટીના ઢેફાંને પકડવામાં સહજ થાપ ખાઈ ગયા તો બટકી જાય અને પાણીના તપેલામાં મૂકો તો ઓગળી જાય.

શરીરની પણ આ જ સ્થિતિ છે. એક ઠોકર લાગી અને નીચે પડી જાય. ઠંડી લાગતા શરદી, ગરમી લાગતાં લૂ અને આ એની તાસિર. ગોળ ગરમ પડે. ખાંડ કફ કરે. થોડું વધારે ખવાય તો કોલેસ્ટ્રોલ વધે. સાકર ખાય તો ડાયાબિટીસ વધે. આખા જીવન દરમિયાન કંઈ ન થાય તો મોતના મુખમાં જાય અને ગણતરીની પળોમાં રાખ થાય.

જે શરીરને સાચવવા ખાતર જીંદગીભર ધમ પછાડા કર્યા. લાખો રૂપિયા ખર્ચ્યા છતાં પણ રીઝલ્ટ શું ? અઢીમણના માંસના લોચાને ખુશ રાખવા તમામ પ્રકારનાં પાપો કર્યા પ્રભુની અવગણના કરી. સતગુરુનાં વચનોને ગૌણ ગણ્યા. આત્મા સામે આંખમીંચામણાં કર્યાં. શરીરની છેવટની સ્થિતિ શું આજ છે ? તો એક કામ કરી લઉં શરીરને લોકો સળગાવી દે તે પહેલાં જ્યાં સુધી શરીર સ્વસ્થ છે. જીવંત છે. ત્યાં સુધી જેટલો સદ્ઉપયોગ થાય એટલો કરી લઉં. આત્માનું કલ્યાણ કરી લઉં નહીં તો મહાસાગરમાં વિલીન થાય તે પહેલાં સદુપયોગ કરી લઉં.

આપણે દેહભાનમાં આવીને વિકારના વશ કર્મ કરતા રહ્યાં. જે જે ચીજ પદાર્થો, વ્યક્તિના મોહમાં ફસાયેલા રહ્યા તેને યાદ કરતા રહ્યા. અભિમાન કરતા રહ્યા. જે સત્ય છે તેને અવગણ્યું અને અસત્યને સ્વીકારી ચાલતા રહ્યા.

‘ઉંચકી લીધું અહમનું પાંજરું, લ્યો હવે હેઠું જ ક્યાં મૂકાય છે.’

અહંકાર પિત્તળ જેવો છે. અને આપણને સોના જેવો લાગ્યો. ઘરેણાં બનાવી જગતના બજારમાં વેચવા છાતી કાઢીને ફરતા રહ્યાં છીએ. પરંતુ પિત્તળ તો પિત્તળ જ છે. એકાદ કસોટીમાં જ તેનું પોત પ્રકાશશે અને જૂઠાણું બહાર આવશે.

આપણે સહુ આત્મા છીએ. આત્મા અજર અમર અવિનાશી છે. તે સત્ય છે. આત્મા સમજવાના બદલે સ્વયંને દેહ સમજવા લાગ્યા એજ સમસ્યાનું મૂળ છે. સ્વયંને આત્માને બદલે દેહ સમજીને જૂઠું અભિમાન કર્યું. પરંતુ આ સુંદર રૂપાળું શરીર પણ એક દિવસ રાખ થશે. શરીર વિનાશી, નાશવંત છે. અલ્પકાળ માટેનું છે. આત્મા અજર અમર અવિનાશી છે. શાશ્વત છે.

આપણે પોતાને દેહ સમજીને અહમનું પાંજરું ઉઠાવી લીધું છે. અને આ અહમના પાંજરાને ઉંચકી લીધું છે. નીચે જ ક્યાં મૂકાય છે ? પાંજરાને ઉપાડીને ફર્યા કરીએ છીએ ભાર જરૂર લાગે છે.

તો પણ આ પાંજરું હેઠું જ કોણ મૂકે ? ક્યારેક વિચાર આવે છે પરંતુ આ પાંજરામાંથી કેવી રીતે બહાર નીકળવું એ ખબર નથી. મોતથી ગમે તેટલા દૂર ભાગીશું તો પણ ભાગી શકીશું નહીં. માટીના ઢેફાનું સમંદરના પાણી સામે ટકવું શક્ય જ નથી. તો મિથ્યાઅભિમાન શા માટે ? જે નાશવંત છે. ખતમ થઈ જવાનું છે. તેનું અભિમાન ન કરો. જે શાશ્વત છે. અમર છે. તે તો આપણે આત્મા છીએ. આત્માના સ્વરૂપમાં રહીને કર્મ કરીએ. શરીર રૂપી સાધનનો જેટલો બને તેટલા સારા કર્મો માટે સદુપયોગ કરીએ. ખજાનો જમા તો કરીએ.

આપણા જન્મતાની સાથે જ આપણા મૃત્યુની ઘડી નિશ્ચિત થઈ જાય છે. સૂર્યનો ઉદય જ નક્કી કરે છે કે સૂર્ય અસ્ત પણ થવાનો છે. આપણે ગમે તેટલો સૂર્યને રોકી રાખવા માંગીએ તો પણ રોકી શકાશે નહીં. આ અનાદિકાળનો નિયમ છે. વસંતઋતુના આગમનની સાથે જ પાનખર ચાલુ થઈ જાય છે. નવી કૂંપળો આવે છે. જૂનાં પીળા પાન ખરી પડે છે. આપણને નવી કોમળ કુંપળો ગમે છે. પીળા પાંદડા ખરતાં જોઈએ છીએ. પરંતુ આપણા વાસ્તવિક જીવનમાં ? વાસ્તવિક જીવનમાં તો સદા અમર રહેવાની જીદ છે. આપણું ચાલતું નથી. તો આપણું બસ ચાલે તો આપણો ક્યારેય જવા તૈયાર નથી.

સનાતન સત્યનો સ્વીકાર કરવો એ જ સાચી સમજણ છે. આવા સત્યનો સ્વીકાર કરવામાં આંખમીચામણા શા માટે ? પૂર્ણિમા જ અમાસનો સંદેશો લઈને આવે છે. પરંતુ આપણે નિરાશ નથી થતા. કારણ કે અમાસ પછી પણ પાછી પૂર્ણિમા પણ આવવાની જ છે. આ પણ એક સનાતન સત્ય છે. જો આવી સકારાત્મક ભાવના સાથે આગળ વધીશું તો જીવનને શ્રેષ્ઠ બનાવી શકીશું.

વાસ્તવિકતાનો સ્વીકાર કરીને જ્યાં સુધી જેટલો સમય પ્રભુએ આપ્યો છે. તેનો સદુપયોગ કરીએ. કાગળ નવો તૈયાર થાય છે ત્યારે તેને પસ્તીની ભૂમિકા બનેલી હોય છે. પરંતુ પસ્તી જ્યારે બને ત્યારે બનશે. ત્યાં સુધી તો તેનો મેક્સીમમ ઉપયોગ કરીએ છીએ. કાગળ બનતાંની સાથે જ પસ્તી બની જશે. એવી નિરાશાને સાથે નથી રાખતાં એવી જ રીતે જ્યારે આપણી બાલ્યાવસ્થા છે તે જ સિદ્ધ કરે છે કે વૃદ્ધાવસ્થા જરૂર આવશે. આપણે સત્યથી દૂર ભાગવાનું નથી. પરંતુ અહંકાર પણ ન રાખીએ. બેલેન્સ રાખીને ચાલીશું તો જીવન જ્યાં સુધી મળ્યું છે તેનો સદ્પયોગ કરી શકીશું. નવું મકાન બનાવીએ છીએ ત્યારે જ તેનું આયુષ્ય નક્કી થાય છે. 100 વર્ષ કે પછી તેથી વધુ પણ પછી તો ખંડીયેર થવાનું જ છે. તેથી નિરાશા નથી રાખવાની. હમણાં તો સુંદર નવું મકાન છે તેનું અભિમાન પણ નથી રાખવાનું. બન્ને પરિસ્થિતિમાં સ્ટેબલ રહેવાનું એ જ જીવનની સાર્થકતા છે.

આવો આપણે ઉચકેલા અહમના પાંજરાને નીચે મૂકીએ. સ્વયંને ઓળખી આત્મ સ્વરૂપમાં સ્થિત થઈ અનેક અહંકારોનાં પાંજરાં તોડીને મુક્ત સ્થિતિનો અનુભવ કરીએ. ત્યારે જ આપણું જીવન સાર્થક બનશે.

**॥ ઓમશાંતિ ॥**

# મોતના મુખેથી પરત - અનુભવ

## બી.કે. દિનેશભાઈ કે. ગાંધી, કપડવંજ

પાછલા એક વર્ષથી બ્રહ્માકુમારીઝના જ્ઞાનમાર્ગ પર ચાલું છું. મારી પત્ની પણ આમાં સાથી છે.

મને ખબર જ નહોતી કે મને શું થયું છે, ફક્ત, સખત તાવના કારણે મને દવાખાને દાખલ કર્યો હતો. મારી શારીરિક શક્તિ સાવ જ ખતમ થઈ ગઈ છે એવું અનુભવતો હતો. શ્વાસ લેવામાં પણ તકલીફ પડતી હતી. અચાનક જ ડોક્ટરે બતાવ્યું કે મને જીવલેણ 'સ્વાઈન ફ્લુ' થઈ ગયો છે અને બચવાની કોઈ જ શક્યતા નથી. ડોક્ટરે એ પણ ચેતવણી આપી કે સાથે રહેવાવાળાને પણ વાઈરલ બીમારી લાગુ પડી જાય. તેનું ધ્યાન રાખવા કહ્યું.

મને તરત જ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે લઈ ગયા. જ્યાં મને વેન્ટિલેટર પર ICCUમાં રાખવામાં આવ્યો, જ્યાં નર્સ કે ડોક્ટર વિના કોઈને પણ પ્રવેશ વર્જિત રાખેલો. મારો લૌકિક પરિવાર પણ મને જોઈ શકે પણ મળી ના શકે. તેવામાં હું એકલો અટૂલો પડી ગયો.

વેન્ટિલેટર /ICCUમાં લઈ જતાં પહેલાં મારા શરીર પરથી ઘરેણાં, વીંટીં, ચેઈન, ઘડીયાળ વગેરે કાઢી નંખાવ્યું હતું. નર્સ બહેન મારા હાથ પરની રાખડી પણ છોડી નાખતા હતા. ત્યારે મેં તેમને કહ્યું કે રહેવા દો બહેન, ભગવાન સાથે હોવાનું પવિત્ર બંધન છે. બહેનજી એ 'ઓમશાંતિ' કહી રહેવા દીધું. મને એવું લાગી રહ્યું હતું કે આ માત્ર એક સાચો સાથી રહી ગયો છે, અને આ જ મારો સાચો ઉપાય કરશે. જીવન અને મૃત્યુ વચ્ચે કેટલું અંતર રહી ગયું હતું એ ખુદ મને કે ડોક્ટરોને પણ ખબર ન હતી.

હું ફક્ત એટલું જ યાદ કરી શકતો હતો કે, 'હું અજર, અમર, અવિનાશી આત્મા છું. અને શિવબાબા મારા પિતા છે.' એવું વિચારતા વિચારતા હું સૂક્ષ્મવતન અને પરમધામમાં વારંવાર અનુભવ કરતો હતો, અને અંદરથી એક નવી ચેતના અને શક્તિ અનુભવતો હતો. શરીરની બીમારી ભુલાતી જતી હતી. મને એમ લાગતું હતું કે મારા સર્વ કર્મબંધનો પૂરા કરીને મારે શરીર છોડવું છે.

એમ કરતાં કરતાં પૂરો દોઢ મહિનાનો સમય હું ફક્ત શિવબાબા સાથે એકાંતવાસી બનીને રહ્યો. ધીરે ધીરે બીમારીમાંથી કઈ રીતે મુક્ત બની ગયો, ડોક્ટરો પણ આશ્ચર્યવંત હતા.

અત્યારે હું સંપૂર્ણ સ્વસ્થ થઈ ગયો છું. શુક્રિયા, નિમિત્ત બી.કે. માલાબહેન, મને કોર્સ કરાવનાર મારી વિદ્યાર્થિની બી.કે. કલાવતીબેન (હું જ્યારે માધ્યમિક શાળાનો શિક્ષક હતો. ત્યારે તેઓ મારા વિદ્યાર્થિની હતા.) કે જેઓએ અત્યારે મારી શિક્ષિકા બની યથાર્થ યોગ શિખવ્યો. મારા લૌકિક / અલૌકિક પરિવાર સાથે સર્વેને અને પ્યારા શિવબાબાના ચરણોમાં કોટી કોટી વંદન.

**॥ ઓમશાંતિ ॥**

Printed by BK Sarlaben R. Somiya and Published by BK Ushaben B. Vajani for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, 1, Chaturbhuj Colony, Rajyoga Bhawan, Kankaria, Ahmedabad - 380 028. Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.

રાજકોટ અવધપુરીમાં 'સિલ્વર પાયલ એસોશિએશન'ના સ્નેહમિલન કાર્યક્રમમાં દીપ પ્રજ્વલન કરતાં બ્ર.કુ. રેખાબેન, બ્ર.કુ. અંજુબેન, મેયર શ્રી ડૉ. જૈમનભાઈ, પ્રમુખ યુવક મંડળ ભ્રાતા કિશોરભાઈ.

અમદાવાદ નવા નરોડામાં 'શિવરાત્રી' નિમિતે શિવ-શંકરની ચૈતન્ય ઝાંખીનું ઉદ્‌ઘાટન કરતાં મ્યુનિસિપલ કૉર્પોરેટર ભ્રાતા અજયસિંહ ભટૌરિયા તથા બ્ર.કુ. સુલોચનાબેન.

નવસારીમાં 'શિવરાત્રી' નિમિતે આયોજીત કાર્યક્રમમાં ચીફ એન્જીનીયર નગરપાલિકા ભ્રાતા રાજુ ગુપ્તા, બ્ર.કુ. ગીતાબેન તથા બ્રહ્માવત્સો.

વડોદરા અટલાદરા દ્વારા 'અમરનાથ દર્શન' કાર્યક્રમમાં બ્ર.કુ. રાજબેન, બ્ર.કુ. નેહાબેન, બ્ર.કુ. અરુણાબેન તથા અન્ય મહેમાનો.

મહુડી સેવાકેન્દ્ર દ્વારા 'શિવરાત્રી' નિમિતે આયોજીત 'વ્યસન મુક્તિ યાત્રા'માં બ્ર.કુ. મનીષાબેન તથા સરપંચ, ગામના આગેવાનો.

પાટડી સેવાકેન્દ્ર પર 'શિવધ્વજારોહણ' કરતાં નગર જીલ્લા BJP પ્રમુખ ભ્રાતા દિલીપભાઈ પટેલ, બ્ર.કુ. પ્રિયાબેન તથા બ્રહ્માવત્સો.

મુંબઈ ગોરાઈમાં 'શિવરાત્રી' કાર્યક્રમમાં દીપ પ્રજ્વલન કરતાં ટીવી કલાકાર CID દયા શેટ્ટી, બ્ર.કુ. પારુલબેન તથા અન્ય મહેમાનો.

માળીયા-હાટીનામાં શ્રીમદ્ રાજચંદ્ર મિશનનાં સ્વાધ્યાયકાર ભ્રાતા હર્ષદભાઈને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. મીતાબેન.

અમદાવાદ ખાતે ચીરીપાલ ઈન્ડસ્ટ્રીઝમાં 'નેશનલ સેફ્ટી વીક'ની ઉજવણીમાં એન્જીનીયર્સ ગ્રુપને 'સંપૂર્ણ સુરક્ષા' વિષય પર આધ્યાત્મિક ટીપ્સ આપતાં સુખશાંતિ ભવનનાં બ્ર.કુ. નંદિનીબેન.



વલસાડમાં નવી ચૂંટાયેલી પાંખનું સ્વાગત કરતાં બ્ર.કુ. રંજનબેન બાજુમાં મેયર ભ્રાતા પંકજભાઈ આહીર, ડેપ્યુટી મેયર ઉર્મિલાબેન ત્રિવેદી, ભ્રાતા ધર્મેશભાઈ, જેષ્ઠીકાબેન, બ્ર.કુ.રંજનબેન, બ્ર.કુ.રોહિતભાઈ.

વિરમગામમાં ધોરણ ૧૦-૧૨ના વિદ્યાર્થીઓ તથા વાલીઓ માટે 'પરીક્ષા આનંદ સાથે' સેમીનારમાં વક્તા બ્ર.કુ. સ્વામીનાથનભાઈ, વિવિધ સંસ્થાના આયોજકો સાથે બ્ર.કુ.રમાબેન, બ્ર.કુ. ધર્મિષ્ઠાબેન.

સાયમા ખાતે આવેલ 'કે. એમ. જે. પટેલ હાઈસ્કુલ'માં ધોરણ ૧૦ તથા ૧૨ના વિદ્યાર્થીઓના વિદાય પ્રસંગે શુભકામનાઓ પાઠવતાં બ્ર.કુ. કિરણબેન સાથે શાળાના આચાર્ય તથા શિક્ષકગણ.

કલોલમાં 'પ્રભુ દર્શન આધ્યાત્મિક મેળા'ના ઉદ્દઘાટન પ્રસંગે મેયર ભગિની આનંદીબેન પટેલનું સ્વાગત કરતાં બ્ર.કુ. અરુણાબેન.

બાજવામાં નવનિર્મિત ભવનનાં મંગલ ગૃહ પ્રસંગે આયોજીક કાર્યક્રમમાં કેક કટીંગ કરતાં બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, બ્ર.કુ. ડિમ્પલબેન.

કેશોદ સેવાકેન્દ્ર પર આયોજીત 'મહાશિવરાત્રી મહોત્સવ' કાર્યક્રમમાં ટ્રસ્ટી જલારામ મંદિર ભ્રાતા રમેશભાઈ, અગ્રણી વ્યાપારી ભ્રાતા ડાહ્યાભાઈ, ડૉ. ધનેશભાઈ, બ્ર.કુ. રુપાબેન, બ્ર.કુ. મીતાબેન.

ખેડબ્રહ્મામાં શિવજયંતી પર્વે 'બરફના અમરનાથ'ની ઝાંખી સાથે મામલતદાર ભ્રાતા મોદીભાઈ, બ્ર.કુ. જ્યોતિબેન, બ્ર.કુ. ભાવનાબેન.

વડોદરા મંગલવાડી ખાતે 'મહિલા દિવસે' દીપ પ્રજ્જવલન કરતાં ડૉ. સાદિકા કાપડવાલા, રીયાબેન વૈદ્ય, કોર્પોરેટર શકુંતલાબેન, કોર્પોરેટર મનોરમાબેન, બ્ર.કુ.રાજબેન, બ્ર.કુ. મોનિકાબેન.

વડોદરા વાસણા રોડમાં 'મહિલા દિવસ' પર આયોજીત ટૉક શોનું ઉદ્દ્ઘાટન કરતાં બ્ર.કુ.ડૉ.નિરંજનાબેન, કોર્પોરેટર ભગિની સુનીતાબેન, ચાઈલ્ડ કાઉન્સીલર હીરલબેન ચાવડા, બ્ર.કુ. મીનાબેન.

નવસારી ખાતે 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે' BJP મહિલા મોર્ચા દ્વારા આયોજીત કાર્યક્રમમાં બ્ર.કુ. ગીતાબેનનું સ્વાગત કરતાં મંત્રી BJP મહિલા મોરચા ભગિની શીતલબેન સોની.

પોરબંદરમાં 'મહિલા દિવસ'ના કાર્યક્રમમાં પ્રમુખ લાયોનેસ જ્યોતિબેન, ટ્રસ્ટી સખી ક્લબ મધુબેન, પ્રમુખ પટેલ મહિલા મંડળ મંગળાબેન, પ્રમુખ ખારવા મંડળ સવિતાબેન, ડૉ. ભાનુબેન, બ્ર.કુ. ગીતાબેન.

ચિલોડામાં 'મહિલા દિવસે' સંદેશ આપતાં રાષ્ટ્રીય સંયોજીકા મહિલા વીંગ બ્ર.કુ. શારદાબેન, CRPF મહિલા બટાલીયનના કમાન્ડર ઈન્દ્રાણીબેન, બબીતાબેન, બ્ર.કુ. કૈલાસબેન, બ્ર.કુ. તારાબેન.

વ્યારામાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસે' કોલેજમાં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. અરુણાબેન, કૃષિ યુનિવર્સિટીના VC ડૉ.પી.ડી.વર્મા, કૉલેજના આચાર્ય ભ્રાતા ખારવાસીયા તથા અન્ય મહિલા પ્રોફેસરો.

અમરેલી સેવાકેન્દ્ર ખાતે 'નારી તુ નારાયણી' કાર્યક્રમમાં પ્રમુખ જીલ્લા પંચાયત ભગિની જૈનીબેન, પ્રમુખ લાયોનસ ક્લબ ભગિની હંસાબેન, પ્રમુખ ઉર્જા ગ્રુપ ભગિની રીમાબેન, બ્ર.કુ. ગીતાબેન.

ગોંડલમાં 'મહિલા દિવસે' આયોજીત 'નારી તુ કલ્યાણી' સ્નેહમિલનમાં બ્ર.કુ. ભાનુબેન, ડૉ. ઝનકારબેન, પ્રમુખ ખોડલધામ મહિલા મંડળ, ભગિની ભાવનાબેન, એડવોકેટ ભગિની આશમાબેન.

**Gyan Amrit** Vol.11 | Issue 4 | April 2018 | Retail Price - 10/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2017-2019 Vaild up to 31st December-2019 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

અમદાવાદ ઈન્ડીયા કોલોનીના 'પંચોત્સવ મહોત્સવ'નું ઉદ્‌ઘાટન કરતાં સંયુક્ત પ્રશાસિકા રાજયોગિની દાદી રતન મોહિનીજી, સેક્રેટરી જનરલ બ્ર.કુ. નિર્વૈરભાઈ, બ્ર.કુ. મુન્નીબેન, રાજયોગિની સરલાદીદી, બ્ર.કુ. ભાનુબેન. સાથે આધ્યાત્મિક સંગ્રહાલયનું ઉદ્‌ઘાટન કરી શુભેચ્છા આપતાં સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના મંત્રી ભ્રાતા કિશોરભાઈ કાનાણી, MLA ભ્રાતા વલ્લભભાઈ કાકડીયા અને નવનિર્મિત ભવનનું ઉદ્‌ઘાટન કરતાં આદરણીય દાદી રતનમોહિનીજી સાથે અન્ય વરિષ્ઠ મહાનુભાવો અને અતિથિગણ.

અમદાવાદ સુખશાંતિ ભવનમાં 'આંતરરાષ્ટ્રીય મહિલા દિને' રાજયોગિની સરલાદીદીને જન્મદિવસની શુભેચ્છા આપતાં બ્રહ્માકુમારીઝના સેક્રેટરી જનરલ બ્ર.કુ. નિર્વૈરભાઈ.

અતુલમાં નવનિર્માણ થનાર સેવાકેન્દ્રના 'ભૂમિ પૂજન સમારોહ'માં અતુલ કંપનીના ચેરમેન ભ્રાતા સુનીલ લાલભાઈ, ડૉ. વિમલાબેન, USAથી પધારેલ ડૉ. સુધાબેન, બ્ર.કુ. ચંદ્રિકાબેન, બ્ર.કુ રંજનબેન.

રાજકોટ કેવડાવાડી ખાતે 'વ્યાપારી સંમેલન'માં બ્ર.કુ. ભારતીબેન, ટ્રેઝરર રાજકોટ જેમ્સ્ એન્ડ જ્વેલરી એસોશિએશન ભ્રાતા કનૈયાલાલ રાજપરા, પ્રમુખ રાજકોટ વ્યાપારી મંડળ ભ્રાતા ચંદ્રેશભાઈ, બિલ્ડર ભ્રાતા પ્રવીણભાઈ, બ્ર.કુ. પારુલબેન.

વડનગરમાં સુપ્રસિધ્ધ ટીવી સીરીયલ 'તારક મહેતાના ઉલટા ચશ્મા'ના કલાકાર નટુકાકા ભ્રાતા ઘનશ્યામભાઈ નાયક તથા તન્મય વેકરીયાને ઈશ્વરીય સૌગાત આપતાં બ્ર.કુ. ચંદ્રિકાબેન.